- પ્રકાશક -

શ્રી જૈન આદિત્યવર્ધક સભા,
શેઠ મૂળચંદભાઈ ઝવેરભાઈ
અમદાવાદ.

*

- પ્રાપ્તિસ્થાન -

શાહ બાબુભાઈ કુંવરજી
અંબાજીના ચક પાસે-ભાવનગર.

*

શ્રી સરસ્વતી જૈન પુસ્તકભંડાર
ઝવેરીવાડા, રતનપોળ-અમદાવાદ.

*

- મૂલ્ય -
૧-૫૦ નયા પૈસા

- મુદ્રક -
દીપચંદલાલ ડી. પટેલ
શ્રી ગોદય પ્રિન્ટીંગ પ્રેસ
ભાવનગર.

સહાયક

આ પુસ્તક છપાવવામાં રજનીકાંત એન્ડ કું. તરફથી શ્રીમતી કાંતા બહેન મૂળચંદ શાહની અઠ્ઠાઈની તપસ્યાની અનુમોદના નિમિત્તે સંપૂર્ણ સહાય મળી છે.

—પ્રકાશક

પ્રકાશકીય—

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

—પ્રકાશક

શ્રી જૈન સાહિત્યવર્ધક સભા

પ્રકાશિત-ગ્રન્થો



અંક.	નામ.	મૂલ્ય.
૧	પરમાત્મસંગીતરસસ્રોતસ્વિની	૦-૮-૦
૨	સમસંધાનમહાકાવ્યમ્ (સટીકમ્)	૪-૦-૦
૩	સાહિત્યશિક્ષામંજરી	૨-૦-૦
૪	વૈરાગ્યશતકમ્, (સવિવેચન)	૧-૪-૦
૫	શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રમ્ (અનુવાદ-વિવેચન યુક્તમ્)	૩-૦-૦
૬	શ્રીઆદિજિનપંચકલ્યાણકપૂજા	૦-૪-૦
૭	શ્રીગિરનારજી તીર્થનો પરિચય	૦-૪-૦
૮	સંગીતસ્રોતસ્વિની	૦-૬-૦
૯	ઇન્દુદૂતમ્ (ખણ્ડકાવ્યમ્-સટીકમ્)	૨-૦-૦
૧૦	નિહ્નવવાદ	૩-૦-૦
૧૧	શિવભૂતિ	૦-૩-૦
૧૨	નયવાદ	૦-૪-૦
૧૩	આત્મવાદ	૦-૧૦-૦
૧૪	વિચારસૌરભ	૦-૪-૦
૧૫	શ્રીતત્ત્વાર્થસ્વાધ્યાય	૦-૪-૦
૧૬	સિરિજંબૂસામીચરિતં	૧-૪-૦

[illegible]

[illegible]

[illegible]

શંબલ

ॐ ह्रीं अर्हं नमः ।

શંબલ

(નોંધપોથીમાં ટાંકેલા વિચારો)

(૧) તા. ૧૦-૧-૧૯૫૬

સુન્દર વસ્તુ સ્વીકારો

તમને કોઈ સખી ગૃહસ્થ આપવા માંગતો હોય, તેની પાસે ઘણી વસ્તુઓ હોય અને તેમાંથી કોઈ પણ એક વસ્તુ લેવા માટે તે તમને કહે, ત્યારે તમે શું કરો ? ગમે તે વસ્તુ લઈ લ્યો કે કિંમતી-ટકે એવી અને તમારે ઉપયોગમાં આવે-એવી વસ્તુ લ્યો ?

કોઈ પણ સમજુ માણસ કિંમતી-ટકે એવી અને ઉપયોગમાં આવે એવી-વસ્તુને લે પણ ગમે તે વસ્તુ ન લે-એ જ પ્રમાણે તમે તમારી જાતને સમજુ ગણાવવા ઇચ્છતા હો તો જીવનના દરેક ક્ષેત્રમાં ઉપરની વાતને અનુસરો-એથી તમને અને બીજાને સારો લાભ થશે.

*

(૨) તા. ૧૦-૧-૧૯૫૬

પોતાનું હિત સંભાળો

મને મારું શું છે ? તેનું હજી મને પૂરેપૂરું ભાન થયું નથી. મારે શું કરવું જોઈએ ? તેનો પણ વિચાર હું યથાર્થપણે કરતો નથી. બીજાને માટે, તેણે શું કરવું જોઈએ ? વગેરેની હું બહુ કાળજી રાખું છું. એ માટેની સમજણ તે તે વ્યક્તિઓને હું વ્યવસ્થિત રીતે-તેમને રુચતી હોય કે ન રુચતી હોય છતાં પણ-આપું છું.

[illegible] મારી [illegible] મારે [illegible] છે. [illegible] મૂકીને [illegible] છે. [illegible] આપણે [illegible] મારી [illegible] [illegible] [illegible]

સાંભળેલી વાત ધારણ કરી રાખવી–ભૂલી ન જવી એ પણ જરૂરી છે. વ્યવહારના લાભ ને હિતની વાતો ઉપેક્ષાભાવે સાંભળનારા ભૂલી જાય છે ને પછીથી નુકશાન વેઠે છે ને પસ્તાય છે.

આથી પણ વિશેષ અગત્ય તો આત્મ–હિતની વાત સાંભળવા માટે પોતાના સર્વ સાધનોને તૈયાર કરવાની છે. આત્મા એ શ્રવણથી ટેવાએલો નથી એટલે તેને તૈયાર કરવાનો છે.

રુચિ, સ્થિરતા, સમજણ, ધારણા અને અનુસરણ એ પ્રમાણે અનુક્રમે કેળવવાથી આત્મહિતશ્રવણ યોગ્ય અને સફળ બને છે. સાંભળતા શીખો ને સુખી બનો.

*

(૪)

ગયેલી પળો પાછી ફરતી નથી

જીવનમાં કોઈ એવી શુભ પળ આવે છે–ત્યારે તેને સાધી લેવા સર્વ પ્રકારે તૈયાર રહેવું. પળ ચાલી ગયા પછી ગમે તેટલા વિચારો કામ આવશે નહિં. ફરી ફરી એવી પળો સાંપડતી નથી એ નિશ્ચિત છે, માટે નિશ્ચિંત ન રહો.

*

(૫)

અનુરૂપ કાર્યને વિચારો

વર્તમાન સમય કયા કાર્યને માટે અનુકૂળ છે તે ખૂબ જ શાંતિપૂર્વક વિચારવું જરૂરી છે. જે કાર્યને માટે વર્તમાન સમય અનુકૂળ ન હોય તે કાર્ય કરવામાં આવે અને જે કાર્ય માટે અનુકૂળ હોય તે કાર્ય ન કરવામાં આવે તો કરાતું કાર્ય વિફળ થાય છે અને સમય વ્યર્થ જાય છે. એવું વારંવાર થતાં વસ્તુહાનિ અને નિરાશા જીવનમાં વ્યાપી જાય છે ને જવાબદાર વ્યક્તિ શોચનીય સ્થિતિમાં મૂકાઇ જાય છે. સમયની જેમ વ્યક્તિ, ક્ષેત્ર, સ્થિતિ અને શક્તિ વગેરે માટે પણ સમજવું.

*

(૬)

આંખ

આંખો હંમેશા ઉઘાડી રાખો.

*

(૭)

શ્રવણ

કેટલું કે સાંભળો જ નહિં. કેટલું કે સાંભળીને બહાર કાઢી નાખો ને કેટલું કે સાંભળીને અંદર ઉતારો.

*

(૮)

વચન

બોલવા ખાતર બોલવું નહિં, પણ કરવા માટે બોલવું.

*

(૯)

પાપ અને પુણ્ય

પાપ થયે છે ત્યારે દૂઠે ને જૂઠે થયે છે, પણ જો બાહ્ય દેખાવ આવરે તો પુણ્ય પણ દૂઠે ને જૂઠે થયું જાય છે.

*

(૧૦)

હાથ ને પગ

હાથ ને પગ સાજા રાખવા.

*

(૧૧)

દુઃખબન્ધન

ગોઠું બંધ રાખવું સારું પણ એ એવું બંધ ન રાખવું કે જ્યારે મોસવું હોય ત્યારે પણ ન ખૂલે.

*

(૧૨)

વિશિષ્ટજ્ઞ અને સર્વજ્ઞ ભિન્ન છે

અલ્પજ્ઞ આત્મા ઘણી વખત વિશિષ્ટજ્ઞને સર્વજ્ઞ માની બેસે છે. પણ વિશિષ્ટજ્ઞ એ સર્વજ્ઞ નથી. વિશિષ્ટજ્ઞ અને સર્વજ્ઞમાં ઘણું જ અંતર છે.

સર્વજ્ઞનો સમાગમ દુર્લભ હોવાથી એ નથી એમ માનવું એ મૂર્ખતા છે. એવી મૂર્ખતાને કારણે જીવ મહાન્ લાભથી વંચિત રહે છે.

સર્વજ્ઞ છે એમ માનનાર કાળાન્તરે પણ જ્યારે તેના સમાગમમાં આવે છે ત્યારે તરી જાય છે.

*

(૧૩)

હાથનો લાડવો

હાથમાં રહેલા લાડવાને પ્રથમ ખાઈ લેવો, પછીથી બીજા માટે પ્રયત્ન કરવો. એ પ્રમાણે કરવાથી અસંતોષને અવકાશ મળતો નથી.

*

(૧૪)

બાજી

બાજી રમતા ન આવડતી હોય તો ન રમવું સારું.

*

(૧૫)

સારું કાર્ય સંપૂર્ણ કરવાની ભાવના દેખાવે

[illegible]

*

(૧૬)

જન્મ–મરણ

જન્મ એ એક અપેક્ષાએ દેવો સોપડો છે ને મરણ એ ચીતરેલો

(૧૭)

મોક્ષ

અનાદિકાળના હિસાબો ચૂકતે કરી પોતાની મીલ્કત સ્વાધીન કરી લેવી તેનું નામ "મોક્ષ"

*

(૧૮)

કેટલાક દેવો.

દેવ ગતિમાં પણ કેટલાક દેવો દયાને પાત્રોચ્ય હોય છે.

*

(૧૯)

કોઇ કોઇ નારક જીવની વિશિષ્ટતા.

નારક જીવોમાં કેટલાક એવા આત્માઓ છે કે તેઓની સરખામણીમાં દેવો પણ તુચ્છ છે.

*

(૨૦)

બિન્દુ ને સિન્ધુ

જરૂરિયાત અને સંગ્રહ એ બેમાં બિન્દુ ને સિન્ધુ જેટલું અંતર છે.

જરૂરિયાત બિન્દુની હોય છે ત્યારે સંગ્રહવૃત્તિથી સંગ્રહ સિન્ધુનો કરવામાં આવે છે.

જે મળ્ય બિન્દુના ઉપયોગમાં છે તે મળ્ય સિન્ધુનો સંગ્રહ કરવામાં નથી–કદી પણ નથી.

*

(૨૧)

સંગ્રહની વ્યર્થતા

પ્રાપ્ત થયેલા પદાર્થોનો જરૂરિયાત પ્રમાણે ઉપયોગ કરીને બાકીનાનો ત્યાગ કરનારને ગમે ત્યારે ગમે તેટલી જરૂરિયાત હશે તો પણ તે અનાયાસે મળી રહેશે—જ્યારે સંગ્રહ કરનાર જીવને જરૂર વખતે જ વસ્તુ નહિં મળે.

*

(૨૨)

શુદ્ધ આત્માનું દર્શન

નિર્વિકાર આત્મા નર–નારી કે નપુંસકમાં ભેદ જોતો નથી. જેમ વતણકારને નટ ગમે તેવા કપડાં પહેરીને ગમે તેવું રૂપ ધારણ કરીને રંગમંચ પર આવ્યો હોય તો પણ તે કોણ છે ?–તે પર ધ્યાન હોય છે–એ પ્રમાણે નિર્વિકાર આત્માને દેહ કેવો છે તેના ઉપર ધ્યાન હોતું નથી. તેને તો તેની અંદર જે છે તેના ઉપર લક્ષ્ય હોય છે.

*

(૨૩)

આશ્રય

વાદળો ઘેરાએલા હોય અને ઘોધમાર વરસાદ વરસતો હોય ત્ય
એવો આશ્રય શોધો કે તમે ડૂબી ન જાવ કે તણાઈ ન જાવ.

*

(૨૪)

જાગૃતિ અને શયન

જડની જાગૃતિ કરતાં જ્ઞાનીનું શયન કેઈગુણ ઉત્તમ છે.

*

(૨૫)

સંપત્તિ ને વિપત્તિ

પાપીની સંપત્તિ કરતાં ધર્મીની વિપત્તિ ઘણી જ સારી છે.

*

(૨૬)

હાસ્યની મધુરતા

હાસ્ય મધુરું છે પણ તે તેમાં છુપાએલું હલાહલ–ઝેર બહાર ન
આવે ત્યાં સુધી.

*

(૨૭)

શિખામણ–સારી છતાં બૂરી.

જો નિજ જીવનમાં કાંઈ પણ સદાચરણ ઊતારવાની ભાવના પણ ન
આવતી હોય તો–બીજાને સદાચરણની શિખામણો આપવી એ ઓટી
સલાહ આપવા કરતાં જરી પણ ઊતરતી કે ચઢતી નથી.

*

(૨૮)

પારકી પંચાત

ઘણી વખત કહેવામાં આવે છે કે 'પારકી પંચાત ન કરવી' પણ કોઈપણ પારકી પંચાત કરતું હોય એવું જોવામાં આવતું નથી. ફક્ત પંચાત કરનારે પોતાનું ક્ષેત્ર વિશાળ કર્યું હોય છે. દરેક માણસ-પોતાની અને પોતાના સગળા-અગળા સગ્ગા-વ્હાલાઓની પંચાત કરે છે. પરિણામે શક્તિનો નકામો ને ઊંધો ઉપયોગ થતો હોય છે. જ્યારે એ પંચાતનું ક્ષેત્ર એકદમ ટૂંકાતી દેવામાં આવે છે ત્યારે શક્તિનો અંશેઅંશ સાર્થક ને ઉપયોગી બની જાય છે.

*

(૨૯)

મૌનની સફળતા

એકેન્દ્રિયનો મૌનની કોઈપણ કિંમત નથી. મૌન સમજપૂર્વક સ્વીકારવું કે જેથી શક્તિ વધે ને તે સાર્થક થાય.

*

(૩૦)

ગતિ અને પવન

સમય ફરે તેમ ફરવું એટલે હવા જે તરફ ચાલતી હોય તેને અનુરૂપ ચાલવું-એવી કેટલાકની માન્યતા હોય છે. પણ તેથી ઈચ્છિત સિદ્ધિ થતી નથી એટલું જ નહિં પણ જ્યાં જવાનું હોય તેથી ઊલટી દિશામાં ક્યાંના ક્યાંય નીકળી જવાય છે. પછીથી મૂળમાર્ગે આવવું પણ મુશ્કેલ થઈ પડે છે. છતાં એટલું તો ચોક્કસ કે પ્રતિકૂળ પવન ખૂબ જોસમાં ફૂંકાતો હોય અને તેની સામે ટકવાની નિજની શક્તિ પણ ન હોય ત્યારે નિજરક્ષણના ઉપાયો વિચારીને વાતાવરણ યોગ્ય બને ત્યારે આગળ વધવું પણ અતિપ્રતિકૂળ વાતાવરણનો સામનો કરવામાં શક્તિને

વેડફી નાખવી નહિં. પૂરતી શક્તિ હોય તો પ્રતીકાર જરૂર કરવો યોગ્ય માર્ગમાં આગળ વધવું.

(૩૧)

સમસ્યાનો ઊકેલ

તમારી સામે ઘણી સમસ્યાઓ પડી છે તેનો ઊકેલ તમારાથી થઈ શકતો નથી. જેનાથી એ ઊકેલ થઈ શકે છે તે તમને મદદ કરવા માંગતો નથી. આ સ્થિતિમાં તમે નિરાશ ન બનતા. સમસ્યાઓમાં જે કાંઈક સહેલી હોય તેને ઊકેલવા માટે પ્રથમ સજ્જ થજો. એ પ્રમાણે કરશો તો કઠિનમાં કઠિન સમસ્યાનો ઊકેલ તમે પોતે-સ્વયં-જાતે કરી શકશો. અને જો એટલી ધીરજ ન રહી શકે એવું હોય તો તમને મદદ કરવા આવે તેવા માણસની શોધ કરજો. એવો માણસ જરૂર મળી આવશે. પણ એવા માણસની શોધમાં સમય ગૂમાવવા કરતાં જાતે સમસ્યાનો ઊકેલ કરતાં શીખવું એ સરલ અને સુન્દર છે.

જાતે સમસ્યાઓ ઊકેલતા જવું અને સહાયકને શોધતાં રહેવું એ વિશેષ યોગ્ય છે.

*

(૩૨)

સહાયનો સ્વીકાર

કેટલાકને એવી ફુરેવ હોય છે કે તેઓ સહાયક મદદ કરવા માગતો હોય તો પણ તેની મદદ સ્વીકારતા નથી અને પોતે ગૂંચવાયા કરે છે. છેવટે થાકી જાય છે ને દુઃખી થાય છે એટલે વિષમ સમસ્યાઓના ઊકેલ માટે યોગ્ય મદદ લેવામાં હીણપ છે એવો વિચાર ન કરતાં તેનો યોગ્ય રીતે સ્વીકાર કરવો.

*

(૩૩)

ગાંઠ

કેટલીક વખત ગાંઠ એવી બંધાઈ જાય છે કે તે છોડવા માટે ખૂબ જ પ્રયત્નો કરવા પડે છે, છતાં પણ વખત તે છૂટતી નથી ને પ્રયત્નો છોડી દેવા પડે છે, માટે એવી ગાંઠ ન પડે તે માટે સાવચેતી રાખવી. ન છૂટે એવી ગાંઠ પડવા જ ન દેવી.

(૩૪)

શું કરવું ? તેનું માર્ગદર્શન

તમે કાંઈ પણ કરતા હો તે વ્યાજબી છે કે ગેરવ્યાજબી તે પ્રથમ તમારા હૃદયને પૂછો—તે જે જવાબ આપે તેની ચોકસાઈ કરવા માટે કોઈ તમારા હિતેચ્છુ—સગાંસ્નેહી—જ્ઞાનીને જણાવો. તેઓ જે કહે તેના ઉપર આધાર રાખો. અને વ્યાજબી હોય તો વળગી રહો ને ગેર-વ્યાજબી હોય તો છોડી દો. પણ ગમે તેના કહેવાથી કાંઈ પણ કરતા નહિં—નહિં તો પસ્તાશો. કેટલાકને વગને ઊંચે ચડાવી દેવાની ઇચ્છા છે ને કેટલાકને તમે શું કરો છો તેની સમજણ નથી. છતાં તમને સલાહ આપવાની પ્રબલ ઇચ્છા છે—એ બંનેથી તમને કશો લાભ નથી. માટે કરતા હો તે કરવું કે ન કરવું એ માટે તમે તમારા ઉપર અને તમારા હિતેચ્છુ—જ્ઞાનીઓ ઉપર આધાર રાખો.

(૩૫)

લૌકિક—આચરણ

જગતમાં રહેવું છે માટે જગતના જીવોની રહેણી—કહેણી તરફ પણ લક્ષ રાખવું જરૂરી છે. લોકોત્તર સ્થિતિને સીધા બાધક ન બનતા હોય અને ક્ષન્તવ્ય ગણી ચલાતા હોય એવા લૌકિક આચરણો લોક

[illegible] પ્રવૃત્તિઓ [illegible] પણ આવશ્યક છે. [illegible] તેથી તેઓનું [illegible] બને છે. એ પ્રમાણે આવશ્યક [illegible] પણ એક અપેક્ષાએ [illegible] તેના તેઓના [illegible] પણ એક અપેક્ષાએ [illegible] તેઓ [illegible] વિમુક્ત થઈ જાય છે અને એ સ્થિતિ [illegible] પ્રાપ્ત અવસ્થાનો પણ તે છુટકારો [illegible] થઈ જાય છે. પરિણામે તેઓ [illegible] પણ સૂકી જાય છે, પછી [illegible] પણ [illegible] પુનઃ ફરવાનો આવે નહીં.

*

(૩૭)

સ્વાર્થ—પરમાર્થ

જેનો સ્વાર્થ નથી સધાતો એવો પરોપકાર પણ દોષ છે—પાપ છે—પરમાર્થહાની છે. સ્વાર્થ એટલે પોતાનો અર્થ. પોતે એટલે આત્મા. અર્થાત્ સ્વાર્થ એટલે આત્માર્થ. એ જ સાધ્ય છે, એ જ પરમાર્થ છે.

પરમાર્થસાધક કોઈ પણ કરણી એ કર્તવ્ય છે અને આનાથી ઊલટું અકર્તવ્ય છે.

*

(૩૬)

કર્તવ્ય ને અકર્તવ્ય

અકર્તવ્ય કરણી પછી એટલે તે કર્તવ્ય બની જતું નથી અને કર્તવ્ય ન કરી શકાય એટલા માત્રથી તે અકર્તવ્ય બની જતું નથી.

*

(૩૮)

પ્રતિબોધન

જગતમાં જે તે વસ્તુઓ તે ઓળખાતું નથી.

શરીરમાં જે તે વસ્તુઓ પરિણામે તે તેઓનું જ બની જાય છે.

મનમાં જે તે ભરવાથી તે અનેક પાપોને જન્મ આપે છે. માટે—કોઈ સંયોગોમાં મનમાં જે તે ભરાઈ ગયું હોય તો તેનો વિવેકપૂર્વક નિકાલ કરવો કે જેથી દોષોથી બચી જવાય.

*

(૩૯)

જીવોની પ્રકૃતિ

સંસારમાં રહેલા જીવમાત્રની પ્રકૃતિમાં પ્રાયઃ કાંઇ ને કાંઈ ફેર અવશ્ય હોય છે.

*

(૪૦)

કાર્ય–કારણ

ઉચ્ચ વિચાર એ ઉચ્ચ આચરણનું કારણ છે, પણ જો એ કારણ કાર્યરૂપે ન પરિણમે તો તેની કાંઈ પણ કિંમત નથી.

*

(૪૧)

તમારું કરો

કોઈનું કાંઈ કરો તે કરતાં તમારું જે કરવાનું છે તે કરો તો સારું—તમારું કરવાનું ન કરો ને બીજાનું કરો—એ મૂર્ખતા છે.

*

(૪૨)

થોડું પણ નક્કર સારું

મોટી આશાએ હવામાં બાચકા મારવા કરતાં થોડું પણ નક્કર મળે એ પ્રમાણે કરવું.

*

[illegible]

[illegible]

[illegible]

(૪૭)

સાધ્યની મહત્તા

જો સાધ્યસિદ્ધિ વ્યવસ્થિત થતી હોય તો સાધનને બહુ મહત્ત્વ ન આપો. સારી સાધનસામગ્રીવાળા પણ સાધનની ખેંચતાણમાં સાધ્ય-વગરના રહી ગયા છે. જ્યારે સાધનસામગ્રીની ક્યાસ છતાં તેનો યથાવ-સ્થિત ઉપયોગ કરનારાને સાધ્યસિદ્ધિ સહેજે થાય છે.

*

(૪૮)

ઇષ્ટસિદ્ધિ

૧. તૃપ્તિથી જેને કામ છે તે તૃપ્તિ શાથી થઈ છે તેની પંચાતમાં નહિ પડે.

૨. નિજ સ્થળે પહોંચવાનું જેને લક્ષ્ય છે તે ત્યાં પહોંચી ગયા પછી–કેમ પહોંચ્યાં તેની માથાકૂટમાં નહિ ઉતરે.

૩. ભૂખ દૂર કરવી એટલું જ જેને ઇષ્ટ છે તે ભૂખ દૂર થયા પછી તે શાથી દૂર થઈ તેની કટકટ–ટપટપ નહિ કરે.

એ પ્રમાણે દરેક ઇષ્ટસિદ્ધિ માટે સમજવું.

*

(૪૯)

વસ્તુ પગ પાસે જ છે

જે વસ્તુને આ જીવ ખૂબ જ ઝંખી રહ્યો છે, જે ચીજની આ જીવને બહુ જરૂર છે, તે વસ્તુ પોતાના પગ પાસે જ પડી છે. પણ જીવ ત્યાં નજર કરતો નથી ને દૂર દૂર તેની શોધ કરવાના ફાંફાં મારે છે.

*

(૫૫)

સારે જીવનમાં દુષ્ટન

જ્યારે જીવના જીવનમાં સ્નેહ, આનંદ, પ્રીતિ અને શાંતિ ન પ્રવાહનના દોષ છે.

નિર્બળ જીવન (અશુદ્ધ) જીવનમાં ક્રોધ, દ્વેષ અને ભય એ સૌથી મુખ્ય મોટા અવરોધ છે.

ક્રોધ, દ્વેષ, અહંકાર અને લોભ એ સૌથી રોગજીવનમાં મોટા દોષ છે.

માનવ જીવનમાં ઉત્તેજના અને પ્રેરક તોફાન છે. જ્યાં માનવ વિરોધના જીવનમાં ક્રોધ, અહંકાર અને લોભ એ બધુ સૌથી મૂર્તિમંત થઈ દોષ છે અને તેથી જ સર્વશ્રેષ્ઠ જીવન માનવજીવન સંભવ છે.

*

(૫૬)

વૈદ્ય

સારો વૈદ્ય પોતાથી ન મટી શકે એવો વ્યાધિ દોષ ત્યારે એ વ્યાધિવાળાને ના પાડી દે, તેને કહી દે કે—'તમારો વ્યાધિ મારાથી મટી શકે એવો નથી. તમે કોઈ બીજા વૈદ્યને તમારો રોગ બતાવો અને ઉપચાર કરાવો.' પણ જ્યારે એવો વ્યાધિ એમ કહે કે રોગી મારે ભય નહિં અને કહે કે મારે તો તમારી જ દવા કરાવવી છે, ત્યારે સારા વૈદ્યે શું કરવું? આ સ્થિતિમાં વૈદ્યે રોગીને સ્પષ્ટ કહી દેવું કે 'તમારા વ્યાધિની દવા મારી પાસે નથી—છતાં તમે મને વળગી રહો છો—તેથી તમને કોઈપણ કરાવો—કામ થવાનો નથી. પછી તમારી મરજી, પાછળથી કહશો ન થયું ત્યારે પસ્તાવો કરશો નહિં' એક આ—શીખ રોગીમાણસને સારો વૈદ્ય કોણ છે અને તે રોગી બીજા કોઈ ભલાના જ વૈદ્યનો ભોગ બને એવી સ્થિતિ સારા

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

(૫૮)

વિજળીના ચમત્કારો

વિજળીના ચમત્કારો થાય છે ને નહિ. [illegible] નજરે ચડે છે. કાગળ બળે ને નકામું. [illegible] ભૂલવામાં પડી જાય છે. નિર્ણય કરી શકતો નથી. વિચાર કરે છે કે હવે કરી વિજળી ચમકે [illegible] છે ને [illegible] પણ શાક [illegible] થાય છે. પણ વિજળીનો ચમકારો થતો જ નથી. ત્યાંથી [illegible] છે ને વિજળી ચમકી [illegible] છે.

(૫૯)

સમ્બન્ધોની વહેંચણ

કેટલાક સમ્બન્ધોથી લાભ થાય છે. કેટલાક સમ્બન્ધોથી ગેરલાભ થાય છે. અને કેટલાક સમ્બન્ધોથી નથી લાભ થતો કે નથી ગેરલાભ થતો.

[illegible]

[illegible]

[illegible]

(૧૦)

પરોપકારદર્શન

[illegible]

[illegible]

[illegible]

[illegible]

ઉચ્ચ ભાવના (૧૧)

[illegible]

સ્થૂળદૃષ્ટિ અને સૂક્ષ્મદૃષ્ટિ (૧૨)

સ્થૂળદૃષ્ટિને અંકિત વસ્તુના મૂલ્યો સૂક્ષ્મદૃષ્ટિને વિચારતાં ઉપજે છે. સ્થૂળદૃષ્ટિવાળાને સૂક્ષ્મદૃષ્ટિવાળાની વાત સમજાતી નથી. તેને તે જાતનો મેળ ખાતો નથી. સ્થૂળદૃષ્ટિવાળા વસ્તુની ઉપયોગિતા વધારે લક્ષ નથી રાખતો, તેની દૃષ્ટિ વસ્તુના ઉપર હોય છે. વસ્તુમાં તે વસ્તુની કિંમત વધુ અંકાતી હોય તે વસ્તુને માટે તે-તેની ઇચ્છા કરે છે. તે મળે તો સાંસારિક મળ્યું કેવો આનંદ અનુભવે છે. જ્યારે સૂક્ષ્મદૃષ્ટિવાળો કે પ્રમાણે વિચારતો નથી. તેની દૃષ્ટિ વસ્તુની ઉપયોગિતા તરફ હોય છે. સાંસારિક સુખાની વસ્તુ પણ ઉપયોગી હોય તો તે કિંમતી

[illegible]

(૧૨)

સુખ-દુઃખનો આધાર

[illegible]

સુખી થવું હોય તો મનને જીતવું અને દુઃખી થવું હોય તો મનને જીતવું-જીતાવવું.

બહેકેલા મન જેવું કોઈ દુઃખ નથી અને સ્વસ્થ મન જેવું કો
સુખ નથી. સુખ બહાર નથી પણ પોતાની પાસે જ છે.

*

(૬૪) તા. ૯-૭-૧૯૫૬

સ્વનું વર્તુલ

સ્વનું વર્તુલ જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ લાભ છે. પણ વચમાં અટકી જવાથી મજા મારી જાય છે. સ્વના વર્તુલને એટલું મોટું બનાવવું કે તેમાં સહુ કોઈ સમાઈ જાય.

*

(૬૫) તા. ૧૧-૭-૧૯૫૬

દોષ ને ગુણમાં સ્વ-પરનો વિવેક

પારકા દોષો જોવામાં ઈર્ષ્યા, અભિમાન ને દ્વેષ કામ કરે છે પણ બીજાના દોષો દૂર કરવાની શુદ્ધ ભાવના રાખવા પૂર્વક જો જોવામાં આવે તો તેમાં હિતબુદ્ધિ પ્રધાનપણે કામ કરતી હોય છે, પણ જ્યારે એ હિતબુદ્ધિ હોય છે ત્યારે પર એ પર રહેતો નથી પણ સ્વ બની જાય છે.

પરને સ્વ માનીને તેમાં રહેલા ગુણો એ પણ પોતાના છે એમ લાગે છે અને તેથી પોતાને વગર શ્રમનો સુન્દર લાભ મળે છે. જ્યારે સ્વનું ક્ષેત્ર સંકુચિત કરી રાખ્યું હોય છે ત્યારે પોતાની પાસે ઘણું હોવા છતાં કાંઈ નથી—જાણે દારિદ્રય ભર્યું હોય એમ લાગે છે.

એ દારિદ્રય દૂર કરવું હોય તો નિર્દોષ સ્વનું ક્ષેત્ર વિકસિત કરવાની આવશ્યકતા છે. એ ક્ષેત્ર પરિપૂર્ણ થાય એટલે કરનાર પણ પરિપૂર્ણ બને છે.

પૂર્ણ—પરિપૂર્ણ બનવાની એ ઉત્તમોત્તમ યુક્તિ છે.

*

(૬૬) ૧૧-૭-૧૯૫૬

ભયનું સ્થાન

ભય બહાર નથી પણ પોતાની પાસે જ છે–અંદર છે. અંદરનો ભય નાશ પામે છે. એટલે વિશ્વમાં એવો એક પણ પદાર્થ નથી કે જે ભય ઉપજાવી શકે,

અન્યનું શુભ ચિંતન કરનારને–શુદ્ધ રીતે કરનારને ભય રહેતો નથી. એને પોતાને તો ભય રહેતો નથી પણ તેની છાયામાં આવનારને પણ ભય રહેતો નથી. બાકી જેઓ પોતાના કલ્પેલા સ્વાર્થને માટે બીજાનું બૂરું કરવામાં બાકી રાખતા નથી, તેઓને પદે–પદે ડગલે ને ડગલે ભય છે. હવાના ફફડાટથી પણ તેઓ ફફડે છે.

નિર્ભય આત્મા પ્રલયથી પણ કંપતા નથી. ભય તમારી અંદર જ છે–તે દૂર કરો ને નિર્ભય બનો.

*

(૬૭) તા. ૧૧-૭-૧૯૫૬

બાહ્ય આકર્ષણ

બાહ્ય પદાર્થોનું જેટલું ખેંચાણ જીવને છે એટલું અન્તરનું ખેંચાણ નથી એવું માટે ભોગે વિશ્વમાં જોવામાં આવે છે. અનાદિ કાળનો પરિચય જીવને બાહ્ય સાથે છે. અન્તરની ઓળખાણ તો નવી નવી થતી આવે છે. એટલે હજુ–તેથી લાભ છે કે નહિં, કાંઈ ગેરલાભ તો નથીને ? ઈત્યાદિ સ્પષ્ટતા થઈ નથી. એ સ્પષ્ટતા થઈ જશે પછી બાહ્યનું આકર્ષણ આપોઆપ છૂટી જશે. બાહ્યથી થતા ગેરલાભો નવા નથી, તેનો પરિચય જીવને સતત છે, એથી એ ટેવાઇ ગયો છે–એટલે એ ગેરલાભો તેને અકારા જણાતા નથી. જ્યારે જીવ અભ્યન્તરદશા તરફ વળે છે ત્યારે જ તેને ભાન આવે છે કે આ ગેરલાભો ભયંકર છે.

[illegible]

(૧૯)

[illegible]

[illegible]

(૧૯)

[illegible]

[illegible]

શાંબલ

(૬૦) તા. ૧૧–૭–૧૯૫૬

કાર્ય સિદ્ધિની રીત

પારેલું કાર્ય કોઈ પણ બોગે કરવું જ–એમ માનતા એકાંતે પક્ષપાત કોઈ કોઈ વખત ખૂબ જ મુશ્કેલીમાં ઉતરી પડે છે અને બીજાને મુશ્કેલીમાં મેંગી નાખે છે. એટલે કાર્યસિદ્ધિ કરવા માટે નીચે પ્રમાણે વિચારણા કરવી હિતકર છે.

(૧) પારેલું કાર્ય શુદ્ધ છે કે અશુદ્ધ, શુભ છે કે અશુભ, લાભદાયી છે કે હાનિકર.

(૨) કાર્યના મૂલ્યાંકન કરતાં તેને માટે ચાપાતા ભોગનું મૂલ્યાંકન વધી જતું નથી ને ?

(૩) કાર્યને માટે થોડી શક્ય જોવામાં આવે તો તે સંતોષાઈથી પતી શકે તેમ છે કે નહિં ?

(૪) કાર્યની આવશ્યકતા તત્કાલ માટે કેટલી છે ? વિલમ્બ સહ્ય છે કે નહિં ?

આ વિચારણાઓ વ્યાજબી રીતે કરીને કાર્યની સિદ્ધિ માટે યોગ્ય પ્રયત્નો કરવામાં આવે તો તેનો આનંદ કોઈ જુદો જ હોય–બાકી ગમે તેવી રીતે કરાતી કાર્યસિદ્ધિમાં મજા નથી. કાર્યસિદ્ધિ કરવી પણ કરવાની રીતે કરવી.

*

(૬૧) તા. ૧૧–૭–૧૯૫૬

નાદાનપણું છોડો

હવે તું નાનો નથી, સમજુ છે. છતાં શા માટે જાણી જોઈને આંગળી ઉપર ચપ્પુ મારે છે. એ અણીદાર છે–તને વાગશે–લોહી નીકળશે–તને પીડા થશે. તારા કેટલાક કાર્યો અટકી પડશે. આ બધું

જાણવા જતાં શા માટે મૂર્ખના કરે છે. હવે તું નાદાન નથી. પછી તું બૂમ પાડીશ–તેના કરતાં પહેલેથી જ અટકી જા તો કેવું સારું તને મલમપટ્ટી લગાડનારા મળી આવશે પણ રૂઝ નહિં આવે ત્યાં સુધી સહન તો તારે જ કરવું પડશે. એ કરતાં એવું ન કરવામાં તને શું વાંધો છે ? તને આવું સમજાવનાર મળ્યા છે એ પણ તારું અહોભાગ્ય સમજ. હવે તું એવા નાદાન વર્તનને છોડી દે ને લાભદાયી કાર્યો કરવામાં ઉદ્યત બન.

(૬૨)

પ્રાપ્તનો સદુપયોગ

પોતાને મળેલી વસ્તુઓ કેટલી ઉપયોગી છે ? તે એમ ને એમ નથી મળી, જેને તે નથી મળી તેની કેવી બૂરી દશા છે ? એ બધું વિચારીને વર્તમાન સ્થિતિનો સારો ઉપયોગ કરવો અને એ રીતે ભવિષ્યને ઉજ્જવળ બનાવવું. બાકી આ–નથી તે–નથી,આ–જોઈએ તે–જોઈએ, આ મળતું નથી–તે મળતું નથી ઈત્યાદિ અફસોસ કરીને વર્તમાન તથા ભવિષ્ય બન્ને બગાડવા એ મૂર્ખતા છે. એવી મૂર્ખતાથી કાંઈ સરતું નથી. ભવિષ્યમાં આગળ વધવું જરૂરી છે પણ તે વર્તમાનને બગાડીને નહિં.

*

(૬૩)

હતાશા ને મદ

તા. ૧૧–૭–૧૯૫૬

'હું કાંઈ નથી' એ વિચાર હતાશાનો છે. એ પ્રમાણે 'હું પણ કાંઈક છું' એ વિચાર અભિમાનનો છે. હતાશા આવે ત્યારે પોતાની શક્તિઓ તરફ દૃષ્ટિ કરવી અને શક્તિથી ઉતરતા બીજાઓ તરફ પણ નજર નાંખી લેવી. એટલે હતાશા પોતે હતાશ થઇને ચાલી જશે. અને તમે તેથી ઉગરી જશો. પણ જ્યારે તમને તમારી શક્તિઓનું અભિમાન વધી જાય ત્યારે તેમાં બહુ રાચતા નહિં–બહુ તો શું ? જરી પણ

નહિ. જ્યારે એવું અભિમાન તમને સતાવે ત્યારે તમારી ખામીઓ
ને અને તપાસવી આગળ વધેલા તરફ નજર કરજો. અભિમાન
જશે અને તમે બચી જશો.

*

(૭૪) તા. ૧૨-૬-૧૯૫૬

ન વૈરાગ્ય

ગની-ઉત્કૃષ્ટ રાગની સામગ્રી જીવને સ્વાધીનપણે મળી જાય છે-
તી દુર્લભ નથી. અનંતવાર એ મળી છે. પણ વૈરાગ્યની સામગ્રી-
ણ વૈરાગ્યની સામગ્રી પણ જીવને મળવી અતિ દુષ્કર છે, વૈરાગ્યનું
પણ નિર્દોષ મળી જાય તો અનાદિના રાગના વિષને ક્ષણવારમાં
કરી શકે છે.

ત્કૃષ્ટવૈરાગ્યના સંયોગને પણ મેળવવા અને મળેલા-તેને સાચવવા
બનો..

*

(૭૫) તા. ૧૨—૧૯૫૬

ન અને જીવન

ખાવા માટે જીવવું એ ખોટું છે, પણ જીવવા માટે ખાવાનું છે-
ગાણે કહેવાય છે. પણ એ વિચારણામાં થોડું શુદ્ધીકરણ જરૂરી છે.
જીવવા માટે ખાવું-એ ઠીક પણ કેવું જીવવા માટે. જે જીવવું
કને ભારે પડતું હોય, પરિણામે દુર્ગતિમાં લઈ જનારૂં હોય એવું
ા માટે ખાવું એ તો ખાવા માટે જીવવા કરતાં પણ ભયંકર છે.
જીવન નિજને ઉન્નતિ તરફ લઈ જતું હોય અને અન્યને હિતકર
હોય એવા જીવન માટે ખાવું-ને ખાવું તે પણ નિર્દોષ-શ્રેયસ્કર
ખાવા માટે જીવનારાઓની સંખ્યા કાંઈ નાનીસૂની નથી. એક રીતે
એ તો તેઓ બહુમતીમાં છે. તેમાં પણ ખાવાના પદાર્થો પરિણામે

[illegible]

પુરુષાર્થ

[illegible]

(૭૬) તા. ૧૪-૭-૧૯૫૬

ન—

વખતે જેની જરૂર છે તેની કિંમત છે. જરૂર ન હોય ત્યારે
ય રીતે કિંમતવાળી ચીજની પણ કિંમત અંકાતી નથી. અને
હોય ત્યારે કિંમત વગરની-અલ્પ કિંમતવાળી ચીજની પણ ઘણુ
ઉપજે છે.

ીજની બહુલતા અને અલ્પતા ઉપર પણ તેની કિંમતનો આધાર
સ્તુની વિશિષ્ટતા તેના મૂલ્યાંકનમાં વધારો કરે છે અને વસ્તુની
યાયિતા ધાર્યાં મૂલ્યને અપાવે છે.

વસ્તુનું મૂલ્ય થવું જોઈએ એમ માનનારે-આવશ્યકતા કેટલી છે ?
તા કેટલી છે ? વિશિષ્ટતા કેટલી છે ? અને સ્થાયિતા કેટલી છે ?
યાર વિચારણાઓ યથાર્થ કરીને મૂલ્યાંકન કરવું કે જેથી ગેરસમજુતિ
ય થવાનો અવસર ન આવે.

*

(૭૮)

ા ઔષધનું શું કરવું ? તા. ૧૪-૭-૧૯૫૬

ઘણી દવાઓ છે. તેમાં બહુમૂલ્ય-કિંમતી દવાઓ પણ છે અને
પમૂલ્ય-નજીવી કિંમતની દવાઓ પણ છે. દવાઓ કઈ છે ? તે કયા
વિધિ ઉપર ઉપયોગમાં લેવાય છે ? એની જ્યાં સૂધી ખબર છે ત્યાં
ધી તો કોઈ પ્રશ્ન જ નથી.-પણ એ ભૂલાઈ ગયું છે. દવાઓની અદલ-
દલ થઈ ગઈ છે. દવા કઈ છે એ ઓળખાતું નથી. એ સ્થિતિમાં-
લાક એ દવા ફેંકી દેવી વ્યાજબી છે એમ માને છે. કેટલાક એ દવા
ખી મૂકવી-પણ ઉપયોગ ન કરવો એમ માને છે. કેટલાક પોતાના
પર અને પરના ઉપર પ્રયોગો કરે છે ને એ દવા ઉપયોગમાં લે છે.-
ા ત્રણે રીતો અજાણી દવા માટે પ્રચલિત છે. તેમાં દવાની પોતાને

[illegible]

[illegible]

[illegible]

આપત્તિમાં અકળાયા વગર તે સહન કરવાથી દુર્ગુણો દૂર થાય છે. કર્મરૂપી કાદવથી આપત્તિરૂપ અગ્નિ જન્મે છે. પછી જો તે અગ્નિમાં નવા દુષ્કર્મરૂપી કાદવ રેડવામાં આવે—અટકાવ નહિં તો કદી પણ એ અગ્નિ શમે નહિં પણ દિનાનુદિન વધતો જ જાય. આપત્તિથી શીઘ્ર મુક્ત થવા ઇચ્છનારે નવા દુષ્કર્મો ન બંધાય તેની કાળજી સતત રાખવી

આપત્તિથી ગભરાઈ જવાથી કેટલીક વખત સારા ગુણો નાશ પામે છે.

આપત્તિ ઓસરયાં પછી ચમકી ઊઠનું આત્મ-સુવર્ણ સો ટચનું શુદ્ધ બને છે. એટલે એવી આપત્તિ એ આપત્તિ નથી પણ આશીર્વાદ છે. એવી આપત્તિ તો ભક્તજનો ભગવાન પાસે માંગી લે છે.

આશીર્વાદ સમી આપત્તિને માંગી લ્યો ને તે પણ સહન કરવાના સામર્થ્ય સાથે

કર્મ છે ત્યાં સુધી આ બધું છે. કર્મ દૂર થયા બાદ આપત્તિ જેવું કાંઈ નહીં રહે. એ કર્મનો નાશ કરનારી આપત્તિને અશુભ કેમ કહેવાય ?

(૮૩) તા. ૨૪-૭-૧૯૫૧

કાર્યની રીત

આપણને ઉપયોગી કાર્યો ઉચિત રીતે આપણે જાતે કરી શકીએ એ રીતે વ્યવસ્થિતપણે જાણકારો પાસેથી વિનયવિવેકપૂર્વક શીખી લેવા—અને જાતે કરવા—પણ આવડતું ન હોય ત્યાં જાતે કરવાનો આગ્રહ રાખવો અથવા કાર્ય કર્યા વગર એમ ને એમ હાથ જોડીને બેસી રહેવું એ મૂર્ખતા છે. કાર્ય જેને આવડે છે તે કરવા માટે તૈયાર છે પણ તેને કહેવામાં જાણે પોતાનું નીચું દેખાશે એ સ્થિતિમાં તો એ મૂર્ખતા વિશેષ પ્રબળ દેખાય છે.

કાર્યો બે પ્રકારના છે—એક થાય તો વિશેષ લાભ થાય પણ ન થાય-

તો કોઈ એકલાને ન થાય. એવા કાર્યો થાય એ સારું—અને કદા
થાય તો વાંધો નહિં.

પણ બીજા કેટલાક કાર્યો એવા છે કે જે થાય તો સારું એમ
પણ ન થાય તો નુકશાન. એવા કાર્યો અગત્યના—જરૂરી જણાય છે.
કાર્યો ગમે તે રીતે થવા જોઈએ એમ કાર્યોની આવશ્યકતાવાળો માર્ગ
પણ જે અભિમાનવાળો માણસ એવા અગત્યના કાર્યો માટે પણ તે કાર્યો
જાણકારની સલાહ ન લે અને મારે જ્ઞી પડી છે એમ માનીને એ
રહે—અથવા. ન આવડતું હોય ત્યાં ગમે તેમ કરવા માંડે તો કાર્ય
બગડે અને પ્રદર્શન થાય મર્મનાનું.

એટલે જે કાર્યો પોતાને ન આવડતા હોય-અથવા આવડતા હો
ત્યાં મુશ્કીલ ઘણી પડતી હોય તેવા કાર્યો તે સલાહથી કરી શકા
હોય એવા જાણકાર પાસે ઉચિત રીતે શીખી લેવા તૈયાર થવું જો
આપણને જે કાર્યો આવડતા હોય તે વિના અભિમાને બીજાને કરી
આપવા—શીખવવા તૈયાર રહેવું.

આ રીતે એકબીજાના ગુણ કાર્યો એકબીજા વિના અભિમાને વિક
સંકોચે ઉચિત રીતે કરી આપે અને એકબીજા કરાવે તો જગતનું
ઘણું તંત્ર જે અવ્યવસ્થિત થઈ ગયું છે—થઈ રહ્યું છે તે વ્યવસ્થિત બની જાય

આજે બીનઆવડતવાળા માણસો જે કાર્યો એકબીજાના એકબીજા
કરે છે ને કરાવે છે તેથી તો અવ્યવસ્થા જન્મી છે અને વધતી જાય છે.

કેટલાક કાર્યો આવડતા હોય ત્યાં તે અમુકને માટે કરવા યોગ્ય ન
ગણાતા હોય તેઓની પાસે તે કાર્ય કરાવવા માટે આગ્રહ રાખવો એ
પણ અનુચિત છે.

કોઈને કાર્ય આવડતું નથી ત્યાં સામો એમ માને છે કે આ
ભાઈને આવડે છે ત્યાં નથી કરવું માટે ના પાડે છે, તો એને એમ
માનવા દેવું. પણ ન આવડતું હોય એવું કાર્ય કરવા શરમથી પણ
તૈયાર થઈ જવું નહિં.

યોગ્ય માણસો યોગ્ય રીતે યોગ્ય કાર્યો કરે એમાં જ જગત્‌નું
ાણ સમાયું છે.

*

(૮૪) તા. ૨૪–૭–૧૯૫૬

ર્મ દૂર કરવાની વિચારણા

મારે નારકીમાં જવું પડે તેનો મને જરી પણ ભય નથી, કારણ
નારકીમાં જવું પડે એવા કર્મો બાંધતાં મેં કાંઈ વિચાર નથી કર્યો,
રે હું નારકીમાં જવું પડે એથી ભય પામું એ કેવું વિચિત્ર ગણાય!
મો કાંઇ મારા સગા થતા નથી કે એ મને છોડી દે. હા, મારે કર્મો
ંધતી વખતે વિચાર કરવો જરૂરી હતો. હવે નારકીથી ડરવા કરતાં
મોથી ડરું—એને દૂર કરવા પ્રયત્ન કરું અને ફરી એવા કર્મો ન
ંધાય તેની કાળજી રાખું. કર્મો કરું તો એવા કરું કે જે મને ઊંચે
ઊંચે લઈ જાય. જો કે મારે કર્મ માત્ર જોતા નથી—એ તો મને
રાણે વળગ્યા છે ને વળગે છે, તો પછી જે કર્મો મને હેરાન કરે છે
ને તો હું પેસવા જ શા માટે દઉં? પણ હું શું કરું? અશક્ત છું.
ારું કાંઈ ચાલતું નથી અને તે પરાણે પરાણે પેસી જાય છે. પણ
વે મને સમજાયું છે—ધીરે ધીરે મારે મારી શક્તિ કેળવવી પડશે
મને એ પરાણે પેસનારાને મારે પરાણે દૂર કરવા પડશે. હા, મને
અનુકૂળ હોય એવા કર્મો હજુ હું થોડો સમય રાખીશ—આવવા દઈશ
ણ પ્રતિકૂળ કર્મોને તો ક્ષણ પણ ટકવા દઈશ નહિં. છેવટે તો બધાને
ારે વિદાય આપવાની છે.

*

(૮૫) તા. ૨૮–૭–૧૯૫૬

મર્યાદા

જ્યાં પરસ્પર ગુરુ–લઘુભાવ છે ત્યાં ચોક્કસ મર્યાદાઓ અંકાએલી

હોય છે. એ મર્યાદાઓનું ઉલ્લંઘન કરેલુંનું બીજ બને છે. મર્યાદાઓ વ્યાજબી હોય તો તેનું પાલન સુંદર-સરલ બને છે. મર્યાદાઓનું એ પાલન ચિત્તશુદ્ધિથી બનતું નથી. મર્યાદાના વ્યવસ્થિત પાલનને 'વિનય' કહેવામાં આવે છે. અવિનય એ મર્યાદાઓનું ઉલ્લંઘન છે. મર્યાદાઓની કોઈ પણ જરૂર નથી એમ માનવું અને વર્તવું એ ઉચ્છૃંખલતા છે. મર્યાદાઓ સકારણ ઓળી પાળવામાં આવે એ મૂંઝવણ છે પણ તે પાલન થવી જોઈએ એમ તો માનવું જોઈએ. એ સમજણ જેટલી વિશિષ્ટ તેટલી બુદ્ધિની વિશિષ્ટતા અને જેટલું પાલન વિશિષ્ટ તેટલી આચારની વિશિષ્ટતા.

વિશિષ્ટ સમૂહમાં પોતાનું સ્થાન રાખવાની ઇચ્છા ધરાવનારે મર્યાદાપાલન પ્રત્યેનું મમત્વ વધારી મૂકવું જોઈએ-ખૂબ જ વધારવું જોઈએ.

*

(૮૬)

સંયોગની અસર

તા. ૨-૮-૧૯૪૦

માનવને સંયોગો કેવી અસર કરી જાય છે, તે એવા કોઈ વિશિષ્ટ પ્રસંગે અગર પડે છે. સાંજે કે અકાળ કોઈ પણ પ્રસંગ અસરકારક વ્યાપક રીતે બની જાય છે ત્યારે સમાન ઉન્નત ઉન્નતા માનવ પણ તેની અસરમાં ખેંચાય છે. તેમાં અપવાદરૂપ કોઈક જ રહે છે, કે જે સામાન્ય સંયોગોથી પર હોય છે. સતત વર્ષા થતી હોય-દરેક અતિરેક થઈ ગયો હોય ત્યારે પોતાના હાથની વાત ન હોવા છતાં દરેક બંધ રહી જાય તો સારું એ પ્રમાણેની અસર દરેકની ઉપર હોય છે. એ જ પ્રમાણે વરસાદ ન આવ્યો હોય-ખેંચાયો હોય ત્યારે પણ દરેક આવે તો સારું એમ દરેક ઇચ્છતા હોય છે. આવી અસરોથી પર થવાનો મહત્ત્વ છે.

*

(૮૭) તા. ૨-૮-૧૯૫૬

ઉપયોગિતા

આપણને ઉપયોગી ન હોય, નુકશાન કરનાર હોય એવી ચીજો પણ કોઈકને ઉપયોગી છે અને લાભ કરનાર છે એમ માનવું જોઈએ. એથી અનુપયોગી અને હાનિકર ચીજથી બચવું એ જરાબર છે પણ એ સર્વને નુકશાન કરનાર છે એમ માનીને તેના પર દ્વેષ ધારણ કરવો કે તેના નાશને માટે પ્રયત્ન કરવો એ ભૂલ છે. વિષ પણ કોઈને માટે અમૃત છે, એમ સમજીને તેના પ્રત્યે પણ અરુચિ કરવી નહિં.

*

(૮૮) તા. ૪-૮-૧૯૫૬

રોગી વૈદ્ય

અનેકની દવા કરનાર–બરાબર દવા કરનાર વૈદ્ય પોતે ઘણા રોગોથી રીબાય છે. તેને પોતાની દવા કરવાનું સૂઝતું નથી. પોતાની દવા એ નથી જાણતો એમ નથી. કઇ દવા, કેવી રીતે લેવી, ને અંગે પથ્ય કેવું સાચવવું વગેરે સર્વનું તેને જ્ઞાન છે. છતાં તે પ્રમાણે તે કરતો નથી. તેની દવાથી કેટલાએ રોગીઓ સાજા થયા છે. સાજા થયેલા તેઓ વૈદ્યને જ્યારે રોગથી રીબાતો જોવે છે ત્યારે તેની દયા ચિંતવે છે. સ્થળે સ્થળે આવું જોવાય છે. બાહ્યવિશ્વમાં અને આન્તરિકસૃષ્ટિમાં, બાહ્ય કરતાં આન્તરિક પ્રકારમાં આવું બને છે, એ ખૂબ જ શોચનીય છે.

*

(૮૯) તા. ૬-૮-૧૯૫૬

મોટા જીવો

નાના જીવો મચ્છર–માંકડ–ચાંચડ–કીડી–જૂ–જૂઆ વગેરે કરડે છે તે ગમતું નથી. તેથી દૂર રહેવાનું અથવા તેને દૂર કરવાનું મન થાય છે. કેટલીક વખત દૂર કરી શકાય એવી સ્થિતિ ન હોય છતાં તે દૂર

થાય તો સારું એવું તો મનને લાગે છે, કારણ કે તે બધા પીડા કરે છે–તોડી પીને છે. પણ પોતાની આસપાસ એવી પણ વિશેષ પીડા કરનારા, કેવળ તોડી જ નહિં પણ ખીજું પણ ઘણું પી જનારા મોટા જીવો છે. તેને દૂર કરવાનું કે તેથી દૂર થવાનું કેમ મન નથી થતું! એ મન નથી થતું તેમાં જીવ એ નુકશાન જણાતું નથી. એની ખબર પડી છે તો એ હાનિકર જીવોને દૂર કયા રીતે કરવા કે તેથી દૂર કઈ રીતે થવું એ રીત આવડતી નથી. રીત આવડ્યા પછી પણ તે અમલમાં મૂકવાની પ્રબળપ્રવૃત્તિ જાગી નથી.

અનુક્રમે સમજણ મેળવીને–યોગ્ય પ્રયત્નો કરીને એવા જીવોથી બચવું એ મહાન્ લાભદાયક પરમ કર્તવ્ય છે.

*

(૯૦)

મૂળની મહત્તા

તા. ૬–૮–૧૯૫૬

મૂળની મજબૂતાઈ ઉપર વૃક્ષની દૃઢતાનો આધાર છે. દરેક કાર્યોમાં એ નિયમ છે. દરેકનાં મૂળ જુદા જુદા પ્રકારના હોય છે. પોતાને હાનિ કરનારા પદાર્થો દૃઢમૂળ ન થાય અને હિતકર પદાર્થોના મૂળ શિથિલ ન રહે પણ દૃઢ બને તેની સતત કાળજી રાખવી જરૂરી છે.

*

(૯૧)

વસ્તુની ઓળખાણ

તા. ૬–૮–૧૯૫૬

વસ્તુની ઓળખાણ થવી મુશ્કેલ છે. હાથમાંથી ઘણી ચીજો એમ ને એમ સરી જાય છે. સરી જતી ચીજો કેટલી કિંમતી છે તેનું ભાન જ્યારે તે સરી જતી હોય છે ત્યારે નથી હોતું. કેટલીક વખત તો સમજણને અભાવે જાણી જોઈને બહુમૂલ્ય વસ્તુઓનો નાશ કરવામાં

ાયે છે–પછીથી જ્યારે તેની ઉપયોગિતાનું ભાન થાય છે–દિલ્મિતની
ાનુ થાય છે ત્યારે પારાવાર શોક થાય છે. પણ તે શા કામનો ?

દિલ્મિત અને ઉપયોગિતાનું જ્ઞાન હોય ત્યાં સંયોગવશ તેવા સ્વરૂપ
કરી શકાય–એવું બને અને એ સન્તોષ લઇ શકાય.

પણ અજ્ઞાનતાથી સારી વસ્તુ તરફ બેદરકાર રહેવું એ બાજુએ
ી. કદાચ તમને એ સાચવવા જેટલી તમારા ન હોય તો કાર્ય નહિં-
ુ તેનો નાશ કરવા માટે કાંઈ પણ કરવો નહિં.

(૯૨) તા. ૧૩–૮–૧૯૫૧

ુ આહાર તેવું અન્તર

મોટે ભાગે બાહ્ય અવસ્થા એ આંતરિક અવસ્થાની સૂચક બને છે.
ા રીતે અવસ્થિત રહેતો પ્રાયઃ અભ્યન્તર રીતે પણ અવસ્થિત હોય
એવું જોવામાં આવે છે.

બાહ્ય વસ્તુઓને જીતવામાં વીર આત્મા પ્રસંગ આવે અભ્યન્તર
ઓને જીતવામાં એવી જ ધીરતા દાખવે છે ને જય મેળવે છે. માટે
કહેવાય છે કે "જેવો મૂરા તો તેવો સૂરા" એ જ પ્રમાણે બાહ્ય
તિમાં અવ્યવસ્થિત અને કાયર માટે પણ સમજવું.

કર્તવ્યવશ પણ કાયરતા અને અવ્યવસ્થિતતા દૂર થતી હોય તો
કરવી–કે જેથી જ્યારે સાચો સ્વાર્થ સમજાશે ત્યારે બેડો પાર થતાં
નહીં લાગે.

(૯૩) તા. ૧૪–૮–૧૯૫૧

શિષ્ટ સંગતિ

સંગ સારાનો કરવો એ પ્રમાણે કહેવાય છે, પણ સારામાં સારિક
ો સમર્થ જે હોય તેનો સંગ કરવો. બરોબર સાદો એ ન્યાય,

બાકી આમ સારો-સારો-અઘરો કે દોષ પણ કાંઈ વિશિષ્ટતા ન પામતા દોષ તો નેગેટાના અંકમાં ઓછું ન થતું દોષ પરન્તુ બહુ પણ થતું નથી કેવાના અંકમાં ઉમેરો અને લાભો વધે જાય તો પણ કોઈ લાભ કે પ્રગતિ થતાં નથી.

બીજું સમર્થનો સંગ કરો તમારે તેનો મોટા લાભ વધે કુશળ જોઈ તમારી યોગ્યતા પણ ઝળકી ઉઠે. બાકી જો તમે તૈયાર નહિં હો તો પણ તમારું કાંઈ નહિં વળે.

તમે તૈયાર હશો અને તમને મોટા સામર્થવાળાનો સંગ સાંપડશે તો તમારા અભીષ્ટકાર્યો વિનાવિલંબે પાર પડશે. તમે પોતે સમર્થ બની જશો.

(૯૪)

ઉજ્જવળ ભાવી

તા. ૧૪-૮-૧૯૫૦

પોતાનું ભાવી ઉજ્જવળ છે કે નહિં તે જાણવા માટે જેટલી તમન્ના-જિજ્ઞાસા માનવીને છે તેટલી જ જો પોતાનું ભાવી ઉજ્જવળ કરવા કરણી કરવાની તમન્ના જાગે તો માની લેવું કે ભાવી ઉજ્જવળ છે.

કોઈ કહે કે તમારું ભાવી સારું છે તો તેથી કાંઈ ભાવી સારું થઈ જવાનું નથી, જો તમારી કરણી સારી નહિં હોય તો, બાકી તમારી કરણી સારી હશે તો તમારા ભાવીને કોઈ બગાડી શકવાનું નથી.

તમારું ભાવી તમારા હાથમાં છે. અન્યબળો કોઈ કોઈ વખત કસોટી કરતા હોય, તમારી સારી કરણીને અસ્તવ્યસ્ત કરવામાં પ્રયત્નશીલ હોય પણ તમે પોતે તમારી ઉચિત કરણીમાં દૃઢ રહો-મજબૂત રહો તો એ બળોનું કાંઈપણ ચાલશે નહિં. તે બળોની નઠારી અસર તમારા સાધ્યમાં જરી પણ ખલેલ પહોંચાડી શકશે નહિં. મનને નિશ્ચળ કરીને ઉચિત કરણીમાં સતત સાવધ રહો ને ભાવીને ઉજ્જવળ બનાવો.

*

(૯૫) તા. ૧૯-૮-૧૯૫૧

કાર્યાનુરૂપ કારણો

કાર્યો સિદ્ધ કરવા હોય તો કારણસામગ્રીની પૂરતી સમજ આવશ્યક છે. જાણે કાર્યો અને જ્ઞાત કારણોનો પરિચય સાંધ. સમયથી જીવને છે જ્યાં પણ તેમાં અનેક ભૂલો થાય છે અને તે તે કાર્યો પણ યથોચિત સિદ્ધ થતાં નથી.

જ્યારે આત્યંતિક કાર્યો સરે તો જીવને નવો નવો પરિચય કે ઓટલે તે સિદ્ધ કરવા માટે વિશેષ કાળજી રાખવી જરૂરી છે.

ઘણી વખત એમ બને છે કે અમુક કારણો એકદા થઇ ગયા હોય અને એકાદ બે ખૂટતા હોય, અને એ કારણે કાર્યસિદ્ધિનાં વિઘ્ન થતા હોય એટલે તે કારણો મેળવવા માટે જીવને તીવ્ર તાલાવેલી જાગે અને ખૂટતા કારણો તરફ પણ પ્રયત્ન લક્ષ રહે. એ કારણો મળી જાય ત્યારે અને એવું કે તે જોઈએ તેના કરતાં પ્રમાણમાં વધારે મેળવી લીધા હોય છે અને પ્રથમ જે કારણો મળ્યાં હતાં તેના તરફ ઉપેક્ષા થઈ હોય—એટલે તે કારણો મંદ પડી ગયા હોય તે તેમાંથી કેટલાક કોળા પણ થઈ ગયા હોય. આવું વારંવાર બન્યા કરવું હોય છે. તેથી જીવ આ કારણો કાંઈ કામનાં નથી એવા મિથ્યા વિકલ્પો તરફ વળી જાય છે તે સાંધા કાળ સુધી એ સાધનોથી વંચિત રહે છે. કાર્ય-સિદ્ધિ-ઈચ્છાવાળે યથાયોગ્ય યથાપ્રમાણ કારણો મેળવીને કાર્ય સિદ્ધ કરવા સતત સાવધ રહેવું.

(૯૬) તા. ૧૯-૮-૫૧

ઘરમાં કારણે વિસામો ન ખાવો

કોઈ એકે અભીષ્ટ ગામ જવું છે. તેના માર્ગ બરાબર હાથમાં આવ્યો છે. તે માર્ગે અનેક મુસાફરો ચાલ્યા જાય છે. તેઓની પાસે જુદા જુદા વાહનો છે. તેમાં કેટલાક પગે ચાલે છે તો કેટલાક સારા

સાધનને આશ્રયે મેળવેલ આનંદ વધે છે. કેમકે સાધન અંદર રહેલ છે તો તેમાં ધીરે ધીરે વૃદ્ધિ કરતા રહેવાય છે. જડથી અનિવાર્ય કરવાના વિકાસમાં આવા દેખાઈ પાછા પણ કરતા રહેવાય તેને જોઈને કરેલ વધવા અને અનિવાર્ય વિકાસમાં આવા જેવી જાય કે પાછા કરે તે તેમાં અમુક પાછા પડી જાય છે. તેમાંથી તો પોતાના પ્રયત્ન જ કામ આવશે. તેમાં વૃદ્ધિ ન હોય તો તેમાંથી પોતાની વૃદ્ધિ આવતા અને ખાલી કર્મમાં અનુભવ કરે; નહિં તો રહ્યા પડે.

*

(૯૬)

જમાઈ દૃષ્ટિ સાધો–પણ–શ્રીમંતનું અગાડીને નહિં

કોઈ વસ્તુ પોતાનું પ્રસિદ્ધિ સિદ્ધ કરે તેમાં કોઈને કાંઈ કહેવાનું નથી પણ અન્યનું અગાડીને પોતાનું પ્રસિદ્ધિ સિદ્ધ કરવામાં કોઈકનો વિરોધ છે. કેમકે પ્રસિદ્ધિ અમારે છે તે જો સમર્થ હોય છે તો તે અગાડાવાનું અગાડવા માટે સામો પ્રયત્ન કરે છે. અને એ રીતે પરસ્પર વિરોધની પરંપરા વધતી જાય છે. જો સામો સમર્થ નથી હોતો તો સમર્થ અનવાની રાહ જોવે છે અથવા સમર્થની સહાય મેળવવા યત્ન કરે છે. એ રીતે અનર્થો વધતા જાય છે.

કદાચ સમજુ હોય તો અગાડાવાનું પણ અઘું આવે અને પોતે પોતાની મહત્તા–વિશિષ્ટતા જાળવી રાખે પણ તેથી અગાડાવાનું આવે એવું નથી. શ્રીમંતનું અગાડીને પોતાનું અગ્રીષ્ટ સાધનાર અવશ્યપણે પ્રાપ્ત કરે છે.

*

(૯૮)

વિશ્વાસ

તા. ૨૪–૮–૧૯૫૦

વિશ્વાસ એ મોટી વસ્તુ છે. પણ વિશ્વાસ એ તેમ–એ તેના ઉપર

બાકી કિંમતની દોષ અને નકામી દોષ. કેટલીક કામની દોષ ને કિંમત પણ પડતી કેવી દોષ. આ સર્વ વિચારણા સેનાને કરવી પડે છે કે તેથી તે વસ્તુ વેચી કે ન વેચી કેવી દિશા અનુસરવાના દોષ છે. એ સ્થિતિમાં તેની પરિસ્થિતિનો વિચાર કર્યા વગર વેપારી માલને સીધા લેવા માટે આગ્રહ કરે કાયદા તમે લીધી લીધી-કહીને ધૂંસરી કાર્ય એ વધારાર નથી. સમજણીને બોધ વસ્તુ આપણી એ માર્ગ છે.

આન્તરિક સ્થિતિમાં પણ ઉપર પ્રમાણે છે. કામને પણ મત-નિર્માણ વગેરે લેવરાવવા માટે તેની સ્થિતિ-પરિસ્થિતિનો યોગ્ય વિચાર કરવો જરૂરી છે. એ વિચાર વગર સારામાં સારા સદુપદેશ સાબી થતાં નથી. અને એ વિચારણા યથાયોગ્ય કરવાપૂર્વક આપેલા ઉપદેશોની સાબતા વાર્યા કરતાં પણ ઘણી જ સારી મળે છે.

*

(૧૦૦)

કાર્યના કરનારા તા. ૨૧-૮-૧૯૫૧

આ મેં કર્યું છે. તેમેં કર્યું છે. એ પ્રમાણે જેઓ સતત રાખતા હોય છે, તેઓનો તે તે કાર્યોમાં નહિ જેવો દિસ્સો હોય છે. તે તે કાર્યોને સિદ્ધ કરનારા હાથ જુદા હોય છે. જેઓના હાથ એ કાર્યોમાં સદ્ધિ બન્યા છે તેઓ કદી પણ આ અમે કર્યું છે એમ રાખતા નથી.

*

(૧૦૧)

સમતુલા તા. ૨૧-૮-૧૯૫૧

'અમે ન હોત તો નારૂં શું થાત' એવી ચિંતા ઘણાં કરે છે. વિશ્વતંત્રનું સૂક્ષ્મ નિરીક્ષણ કરનારા આત્માઓ એવી ચિંતા કરનારા પ્રત્યે દયા દાખવે છે. જરૂર અમુક પ્રમાણમાં તેઓનો પણ તંત્રસંચાલનમાં દિસ્સો હોય છે, પણ એ એવો નથી હોતો કે તેઓ ન હોય તો ન જ પૂરાય. એટલે તેઓએ તો પોતાનો દિસ્સો પૂરાવવાનું કર્તવ્ય

અદા કર્યાનો સંતોષ માનવો પણ અભિમાન કરવું નહિં. અભિમાનથી કર્તવ્ય અદા કરવામાં ખામી આવે છે.

બીજી બાજુ અમુક કર્તવ્યોમાં પોતાનો મોટો હિસ્સો હોય છતાં કેટલાક એમ કહેતા હોય છે કે આમાં અમે શું કર્યું છે? કરનારા તો જુદા છે. એ પ્રમાણે કહેવા પાછળ કારણો તો કોઈ જુદા જ હોય છે. એવો દંભ પણ હાનિકર છે, માટે કર્તવ્ય બજાવનારે યોગ્ય સમતુલા જાળવી રાખવી જરૂરી છે.

*

(૧૦૨) તા. ૨૬-૮-૧૯૫૬

નિયમબદ્ધ-વિશ્વવ્યવસ્થા

વિશ્વમાં નિયમ વિરુદ્ધ એક પણ કાર્ય થતું નથી. નિયમોની પણ વ્યવસ્થા છે. જે કાર્ય થાય છે તે નિયમોની વ્યવસ્થાને અધીન થાય છે. નિયમોનું પરિપૂર્ણ જ્ઞાન સર્વજ્ઞ સિવાય અન્યને હોતું નથી. નિયમો બે પ્રકારના છે—એક ટૂંક ગાળામાં કાર્ય સિદ્ધ કરે છે તે બીજા લાંબે ગાળે કાર્ય સિદ્ધ કરે છે. બીજી રીતે કહીએ તો એક સર્વસાધારણ અને બીજા વિશિષ્ટજન-અધીન.

જે કાર્ય સામાન્ય માણસો જે રીતે કરે છે તે જ કાર્ય વિશિષ્ટ આત્મા કોઈ જુદી જ રીતે અલ્પ સમયમાં સિદ્ધ કરે છે. આવી કાર્ય-સિદ્ધિ જગતમાં ચમત્કારને નામે ઓળખાય છે.

*

(૧૦૩) તા. ૨૬-૮-૧૯૫૬

સરી જતો સમય

કાર્યસિદ્ધિ માટે સમયની સાનુકૂળતા પણ પૂર્ણ અપેક્ષિત છે. પ્રમાદ વગેરેને કારણે સાનુકૂળ સમય સરી જાય છે તે પછીથી તે કાર્યને માટે જે પ્રયત્નો કરવામાં આવે છે તેમાં સફળતા સાંપડતી નથી અથવા

[illegible] સ્વીકારવામાં આવે તેટલા પ્રકાર [illegible]
[illegible] આ સંબંધ [illegible] એ વિવેકનું પરમ કર્તવ્ય છે.

*

(૧૦૮)

બીજાનું અગાડી નહિ

[illegible] પ્રમાણે વિચારે છે ને તે સ્વભાવિક છે. પરન્તુ તેઓ પોતે [illegible] કરે છે તેમાં બીજાને કાંઈ થાય છે કે નહિં એ વિચારતા [illegible] છે પણ એથી બીજાને દુઃખાય તો શું નથી એ: એટલે તે [illegible] વિચાર કરે.

જો એ વિચાર નહિં કરે તો પરિણામે પોતાને કાંઈ [illegible] તેમાંથી જ ઉત્પન્ન થશે. શાંતિ અને દુઃખાયની બાબતમાં [illegible] વિચાર કરીને કાર્ય કરવું. જો એ વિચારણા કરતાં પોતાને [illegible] દોષ તો તેના અનુભવને પરિણામે એ સમજવું. [illegible] કરીને કરવું કાર્ય અર્થાત્ પ્રેમને બગાડે છે.

*

(૧૦૯)

ઉત્તમ આત્માઓની કાર્ય કરવાની રીતિ

ઉત્તમ આત્માઓના જીવનમાં એવી અનેક બાબતો આવતી હોય [illegible] કે જે ક્યારે ને ક્યાંથી પ્રેરણા આપતી હોય છે. અનેક પ્રસંગો [illegible] દર્શન કરાવતી હોય છે. એવું એક કાર્ય સામાન્ય બાબતો [illegible] કરતાં હોય છે ને કરતાં ઉત્તમ આત્માઓ કેવાં સુંદર રીતે [illegible] હોય છે. કાર્ય કરતાં કાર્ય કરવાની રીતમાં જે ખૂબી [illegible] ખૂબી છે ને તે ખૂબી ઉત્તમ આત્માઓના જીવનમાં સ્પષ્ટ [illegible] છે.

*

(૧૧૦) તા. ૪-૯-૧૯૫૬

છે માટે સારૂં એમ ન માનો

કેટલાક સંયોગો એવા હોય છે કે જ્યારે માણસને ન ગમતી ચીજ પડે છે. ન ગમતી હોય છતાં પણ પોતાના લાભની હોય તો તે માં અરુચિ ન રાખવી--જેમ ઔષધ લેવામાં.

એ જ પ્રમાણે ગમતી હોય પણ ગેરલાભ કરનાર હોય તો તેથી થવા માટે રુચિ કેળવવી અને અનુરુચિ લાવીને તુરત દૂર થવું — કુપથ્યથી.

આ પ્રકારની વિચારણા સતત કરવાથી લાભદાયક અનુગમતી પ્રવૃત્તિ ની બની જાય છે. ગેરલાભ કરનાર ગમતી પ્રવૃત્તિ અનુગમતી થઇને જાય છે.

(૧૧૧) તા. ૪-૯-૧૯૫૬

વમ તો ન જ બનો

દોષોનું સેવન કરવાના સંયોગો ઉપસ્થિત થાય છતાં તેનું સેવન ન વું એ મહત્તા છે.

સંયોગવશ દોષો સેવવા પડે પણ સંયોગો દૂર થતાં દોષોને દૂર વામાં ક્ષણ પણ વાર ન લગાડવી એ ઉચિતતા છે.

સંયોગો દૂર થઈ ગયા પછી પણ દોષોનું સેવન ચાલુ જ રાખવું નિર્બળતા છે. કેટલીક વખત એ નિર્બળતા અધમતાનો જન્મ આપે છે.

મહત્તાની કક્ષામાં ન આવી શકાય એવી સ્થિતિ હોય તો પણ ચેતનાની સ્થિતિથી નીચે ન ઊતરી જવાય એની તકેદારી સતત રાખવી.

તાપ–તેજ જ્યારે ધૂમાડો કાઢતો હોય છે, ભડકા ફેંકતો હોય છે ત્યારે તે ઉપયોગી હોય તો પણ શોભતો નથી.

તેજસ્વિતા શુદ્ધ હોય છે ત્યારે તે સાત્ત્વિક છે.

તેમાં ભડકા ભળે છે ત્યારે તે રાજસિક બને છે.

અને ધૂમાડો નીકળે છે ત્યારે તે તામસિક થાય છે.

કોપ અને બળતરાની બાદબાકી કરીને તેજસ્વી બનવું એ શ્રેયસ્કર છે.

*

જય–પરાજય (૧૧૬) તા. ૧૩–૯–૫૬

માણસને પોતાની જિત થાય એ ગમે છે. એટલે ગમેતેવા પ્રસંગો હોય છતાં માણસ સામાને પરાજય આપીને પોતાને જય મળે એવા પ્રયત્નો કરે છે. પણ કેટલાક પ્રસંગોમાં જિતવા કરતાં હારવું એ હિતકર હોય છે. પરાજયમાં જય સમાયો હોય છે ને જયમાં પરાજય.

આ હકીકત પ્રત્યે દુર્લક્ષ્ય કરનારા જય મેળવીને પસ્તાય છે.

સમજુ તે ગણાય છે કે જે પ્રસંગને ઓળખીને ઉચિત આચરે છે. જય મળે કે પરાજય, એ એને મહત્ત્વનું નથી. ઉચિત જે હોય તેને તે કર્તવ્ય સમજે છે ને તેથી તેને કદીપણ પસ્તાવા જેવું હોતું નથી.

*

ઈર્ષ્યા. (૧૧૭) તા. ૧૩–૯–૧૯૫૬

ઈર્ષ્યા એ એવો વિચિત્ર અવગુણ છે કે તેને કોઈ સારાં પદાર્થ મળે કે ન મળે તેની પડી નથી. પણ તે બીજાને સારો પદાર્થ ન મળવો જોઈએ એવો વિચાર કરાવે છે.

બીજાને સારા દેખીને બળવું એ કેટલું વિચિત્ર છે! જ્યાં રાજી વાનું છે ત્યાં બળતરા જાગે એ અજુગતું છે. આવી ઈર્ષ્યાને દૂર કરવા માટે–જેને સારા દેખીને એ જાગે છે તે પર નથી પણ પોતાના છે એવો ભાવ જાગૃત કરવો પ્રથમ આવશ્યક છે, એ ભાવ જાગૃત ન થાય તો તે પરવ્યક્તિથી પણ પોતાને તથા પોતાના જેને માન્યા છે તે સર્વને સીધા કે આડકતરા થતા લાભોની ગણતરી કરવી અને ઈર્ષ્યાથી થતા નુકશાનોની વિચારણા કરવી. એમ કરવાથી ઈર્ષ્યા ઘટતી જશે અને પ્રમોદભાવમાં વૃદ્ધિ થતી જશે.

*

(૧૧૮) તા. ૧૩–૯–૧૯૫૬

પીડાને દૂર કરવાની રીત

કોઈ પણ પીડા એવી રીતે દૂર કરો કે તેમાંથી બીજી પીડા ન જન્મે.

*

(૧૧૯) તા. ૧૩–૯–૧૯૫૬

સારી વસ્તુની પ્રાપ્તિ

સારી વસ્તુ મેળવવી કઠિન છે એ સત્ય છે, પણ તે અર્ધસત્ય છે. કેટલીક વખત સારી વસ્તુઓ સહેલાઈથી મળી જાય છે, પણ ટકતી નથી–ટકવી મુશ્કેલ છે. સારી વસ્તુ મળે–ટકે અને તેનો ઉચિત–વાસ્તવિક જેવો થવો જોઇએ તેવો–ઉપયોગ થાય ત્યારે તેની સાર્થકતા છે. બાકી સારી વસ્તુ મળે ને ટકે તેનો કાંઈ અર્થ નથી. માટે મળેલી સારી વસ્તુઓનો સારો ઉપયોગ વિના વિલંબે કરવો એ ઉદ્યમપણ સાથે બીજી સારી વસ્તુ મેળવવાની સારી રીત છે.

*

(૧૨૦) તા. ૧૩–૯–૧૯૫૬

દૂષણથી કદી લાભ નથી

કોઇને કોઈક વખત દૂષણથી પણ લાભ મળી જાય છે. એથી દૂષણ

[illegible]

*

(૧૨૧)

[illegible]

[illegible]

[illegible]

ઈચ્છુણ ગ્રાતાના નિમિત્તો આત્માને અટકાવે છે. સુખની એ સુંવાળપમાં રપટાએલા જીવોને આગળ દુઃખનો મહાસાગર તરવાનો પડ્યો છે તેનું ાન પણ ભૂંસાઇ ગયું હોય છે.

દુઃખના ભયંકર દાવાનળમાં પણ સુરક્ષિત રાખેલ આત્મચેતનને ુખની શય્યામાં સૂતેલો આત્મા પોતે-જાતે જ વિશ્રામ કરતો હોય છે.

*

(૧૨૪) તા. ૧૪-૬-૧૯૫૬

દુઃખ અંગેની સમજ

એક તો તું દુઃખી નથી. બીજું તું માને છે કે બીજો મને 'દુઃખી કરે છે' એ મિથ્યા છે. બીજો કોઈ તને અંશ માત્ર દુઃખી કરી શકે તેમ નથી-કરતો નથી. જે કારણો તું દુઃખના કારણ માની બેઠો છે તે ખરેખર દુઃખના કારણો નથી. પારકી પીડા ઘરમાં ઘાલીને હજે 'હું દુઃખી દુઃખી થઈ ગયો છું' એવી બૂમ દ્વા માટે પાડે છે, તું ખરેખર વિચાર કર-સમજ તો તને આ વાત ગળે ઉતરતા વાર નહિં લાગે. સ્વ-પરનો ભેદ તને સમજાઈ જશે ને પછી તું પારકે દુઃખે તને પોતાને દુઃખી નહિં માન, પછી તો તને તારી પોતાની મીલકત મેળવવા માટે તાલાવેલી લાગશે અને તે તું મેળવીશ એટલે તારા જેવો સુખી બીજો કોઈ નહિં હોય.

*

(૧૨૫) તા. ૧૪-૬-૧૯૫૬

તરંગ

કેટલાકને તરંગો રચવાની અતિ ટેવ હોય છે. એ તરંગી માણસનો જેને પરિચય ન હોય તે તેના તરંગો જાણી ક્ષણવાર તો તે વ્યક્તિ ઉપર ફીદાફીદા થઇ જાય. પણ વખત જતાં વાતમાં મજા રહેતી નથી. તરંગી માણસો જ્યારે એ તરંગોનો દુરુપયોગ કરતાં થાય છે ત્યારે તો

[illegible]

*

(૧૨૬)

ગુણ અને અવગુણ

[illegible] ગુણ અને અવગુણ [illegible] ગુણ અને અવગુણ [illegible] પરના ગુણ-અવગુણ પ્રકટાવવા કરવા [illegible] અવગુણ માની લેવા એ [illegible] અભાવે જીવ અવગુણને ગુણ અને ગુણને અવગુણ માની લે છે. [illegible] ગુણને અવગુણરૂપે ઓળખાવે છે અને પોતાના અવગુણને ગુ[illegible] ઓળખાવે છે. સામે પક્ષે કેટલાક નિર્બળ આત્માઓ પોતાના ગુ[illegible] અન્યના વારંવાર કહેવાથી અવગુણ માનવા થઈ જાય છે અને તેને [illegible] કરવા કટિબદ્ધ હોય છે. વળી અવગુણને એવી જ રીતે ગુણ માનીને [illegible] કરી શકાય તેમ હોય-સંકલ્પબળથી દૂર કરી શકાય તેમ હોય છતાં દૂર કર[illegible] નથી, એટલું જ નહિં પણ તેને પરાણે રાખવાનો પ્રયત્ન સેવતા હોય છે.

પણ જ્યારે ગુણ અને અવગુણનું સત્ય સ્વરૂપ સમજાય છે ત્યા[illegible] એમ બનતું નથી.

ગુણ હોય તે ગમે તે ભોગે ટકાવવા, નવા મેળવવા યત્ન કરવો. અ[illegible] ગુણ હોય તે દૂર કરવા અને નવા અવગુણ આવે નહિં તે માટે સાવધ રહેવું.

*

પરિણામ (૧૨૭) તા. ૧૫-૯-૧૯૫[illegible]

કોઈ પણ પ્રવૃત્તિનું પરિણામ કાંઈને કાંઈ આવે જ છે. એ પરિણામ

પોતાના લાભનું છે કે ગેરલાભનું એ જુદી વાત છે. પોતાની સારી પ્રવૃત્તિનું પરિણામ તત્કાલ પોતાના લાભનું ન જણાતું હોય તો તે ચાલુ સારી પ્રવૃત્તિ નથી એમ ચોક્કસ સમજવું ને જો તે પરિણામ ચાલુ પ્રવૃત્તિનું જ છે એ નિર્ણય હોય તો પ્રવૃત્તિ સારી નથી એ પણ ચોક્કસ માનવું. સારી પ્રવૃત્તિના પરિણામો સારા હોય છે અને માઠી પ્રવૃત્તિના પરિણામો માઠા હોય છે માટે સારી પ્રવૃત્તિ આચરવી અને માઠી પ્રવૃત્તિથી દૂર રહેવું.

*

(૧૨૮) તા. ૧૫-૯-૧૯૫૬

ફળ લેતાં શિખવું

કેટલાક કાર્યોના ફળ આવતા કાંઇક વિલંબ થાય છે એથી અકળાઇને કેટલાક માણસો તેનું ફળ તુરત લેવા માટે તલપાપડ થઈ જાય છે. પણ એ વૃત્તિથી તેમને મોટું નુકશાન સહન કરવું પડે છે. સારા કાર્યોના ફળ કુદરતી રીતે-કાળનો પરિપાક થાય એટલે-સુન્દર ને ચિરસ્થાયી આવે છે. એ માટે ધીરજ કેળવવી આવશ્યક છે.

કેટલીક વખત ફળની આવશ્યકતા હોય-ફળ પાકી ગયું હોય-ને એ સડતું પણ હોય-નકામું જતું હોય છતાં તેને લેવાની ઢીલ-પ્રમાદ કરનારા હોય છે, એ અનુચિત છે. હાથમાં આવેલું સુન્દર ફળ જતું કરીને પછી ફાંફાં મારવા એ જડતાની નિશાની છે.

*

(૧૨૯) તા. ૧૯-૯-૧૯૫૬

વધુ પડતું ડહાપણ

ડહાપણ હોવું એ સારું છે. ડહાપણનો ઉપયોગ કરતા રહેવું એ પણ સારું છે. પણ ડહાપણ બતાવવાની વૃત્તિ એ ઓછા ડહાપણની નિશાની છે. આવી વૃત્તિવાળાને લોકો વધુ પડતા ડહાપણવાળા માને છે.

માટે મીઠે દૂર કરતાં અયતા મોક્ષ માર્ગે જાણી લેતાં શીખી લેવું હિતાવહ છે.

*

(૧૩૫) તા. ૨૩-૯-૧૯૫૬

નુકશાનની જવાબદારી

કોઈ પણ નુકશાન થાય ત્યારે તેની જવાબદારીમાંથી છટકવાનો પ્રયત્ન કરવો એ નબળાઈ છે અને મોટું નુકશાન છે.

નુકશાન બીજાએ કર્યું હોય છતાં તેને સકારણ જિનજવાબદાર ગણાવવો એ એક જાતની ઉદારતા છે.

એવી ઉદારતા કેટલીક વખત ન દાખવી શકાતી હોય તો પણ પોતાની કેટલી જવાબદારી હોય તેટલા પૂરતું સમજવા માટે અને તેને અંગે યોગ્ય સદન કરવા માટે તો મનને કેળવવું જોઈએ. એ પ્રમાણે દરેકના મન કેળવાય તો જગતમાંથી ઘણા અનર્થો ઓછા થઈ જાય.

*

(૧૩૬) તા. ૨૩-૯-૧૯૫૬

શુદ્ધ પ્રવાહ અશુદ્ધ ન થાય તેની કાળજી

આત્માને વિશુદ્ધ રાખવો. અશુદ્ધ આત્મામાં વિશુદ્ધ આત્માંથી જરૂરથી જ અશુદ્ધ થઈ જાય છે. અને જ્યારે એવા છવો બીજાને એ પ્રવાહ પહોંચાડે છે ત્યારે મૂળ પ્રવાહ જ્યાંથી આવ્યો છે તેને પણ ઘણી વખત ભયંકર અન્યાય કરે છે. માટે પોતાના આત્માને સદા શુદ્ધ રાખવો અને એ શક્ય ન હોય તો આવી સ્થિતિ હોય ત્યારે તો જરૂર શુદ્ધ રાખવો.

*

(૧૮૧)

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

(૧૮૨)

તા. ૨૫-૯-૧૯[illegible]

સારા–નરશા ગ્રન્થોના રસ

વિશિષ્ટ ગ્રન્થો વિશિષ્ટ આત્માઓના સંગ સમા હિતકર છે. જો તે ગ્રન્થોનો પરિચય બરાબર કરવામાં આવે તો કેટલીક વખત વિશિષ્ટ આત્માઓના સંગ કરતાં પણ વિશિષ્ટ લાભ તે ગ્રન્થો આપે છે.

એ પ્રમાણે તુચ્છ ગ્રન્થો–હલકા પુસ્તકો હલકા માણસોના સંસર્ગ કરતાં પણ ખરાબ પરિણામ નીપજાવે છે. હલકા વિચારના ગ્રન્થોનું આકર્ષણ હલકા માણસના સંસર્ગની જેમ સહેલાઈથી છોડી શકાતું નથી. હલકા પુસ્તકોના વાચનમાં રસ જાગ્યા પછી સારા પુસ્તકો હાથમાં લેવા ગમતા નથી–જેમ તુચ્છ પદાર્થો ખાવાવાળાને સાત્ત્વિક અને પથ્ય ખોરાક ભાવતો નથી તેમ.

માટે પ્રથમથી જ સારા પુસ્તકોના વાચનનો રસ કેળવવો અને તુચ્છ પુસ્તક હાથથી પણ પકડવું નહિં.

(૧૪૩) તા. ૨૫-૬-૧૯૫૬

જીવનમાં સારૂં ઉતારવાના ભાવ

જીવનમાં ઉતારવા માટે લાંબે સમયે પણ જો સર્મિ ન જળવાતી હોય તો સારા વાચનનો કે સારા સંસર્ગનો કાંઈ અર્થ નથી. કેટલીક વાતો જીવનમાં ઉતારવી શક્ય ન હોય તેથી તેના તરફ આકર્ષણ ન થાય એમ તો ન જ બનવું જોઈએ.

સારા વિચારો મળે એટલે જીવનમાં ઉતારવાનો ભાવ જાગવો જ જોઈએ અને એ રીતે વાચન-મનન અને સંસર્ગ કરવા જોઈએ.

(૧૪૪) તા. ૮-૧૦-૧૯૫૬

લાભને ગેરલાભની વાત

કેટલીક વાતોથી કેટલાક માણસો અજાણ હોય છે. તેમને તે તે વાતો જણાવવી જરૂરી છે. કેટલીક વાતો લાભની હોય છે તો કેટલીક ગેરલાભની. લાભ કે ગેરલાભની વાતના બે પ્રકાર છે. એક તત્કાલમાં કરવાથી લાભ થાય એવી અને બીજી કાળે ત્યારે લાભ લાંબે સુધી થાય એવી. ગેરલાભમાં પણ એક તત્કાળ ગેરલાભથી જણાતાં અને બીજી કાળે ત્યારે જાણી શકાય એવી.

તત્કાળ લાભ-ગેરલાભની વાતોની સાધ્યતા કે યોગ્યતા વિચારીને કરવામાં આવે તો હિત થાય છે, અન્યથા હિત કરનારથી જ સામાનું અહિત સર્જાય છે. જ્યારે સ્થાયી-લાભ-ગેરલાભની વાતો જણાવવામાં એવું નથી. એમાં તો સામાની સમજશક્તિ કેટલી છે તેનો જ વિચાર કરવો જરૂરી છે.

(૧૪૫) તા. ૮-૧૦-૧૯૫૬

ચશ્મા

આંખની જોવાની શક્તિ ઘટે એટલે ચશ્માની જરૂર પડે છે. પણ

તો [illegible] તેમાં ન આવે તો [illegible] દુઃખ [illegible] પુરતો વિચાર કરીને માફક આવે [illegible] ઉપયોગ કરીને [illegible] વધારવું.

આ દરમિયાન આત્મરક્ષા માટે વિશેષ વિચારણી [illegible]

સુખદ સમય (૧૪૬) તા. ૯-૧૦-

તમે અમે તે કરો તેમાં નમાવો સમય તો [illegible] કરતાં શીખો કે [illegible] સમય તમે અમે ત્યારે યાદ કરો ત્યારે [illegible] આપે આપને તેના સુખદ પરિણામો નિરંતરથી રહે.

દુઃખ (૧૪૭) તા. ૧૦-૧૦-૧

તારું દુઃખ તું મારી પાસે રહીશ નહિં.

*

સુખ (૧૪૮) તા. ૧૦-૧૦-૧૯૫૦

તારા સુખમાં સહુને સમભાગી કરજે.

*

સ્વાધીનતા (૧૪૯) તા. ૧૦-૧૦-૧૯૫૦

તું સ્વતંત્ર છે—પણ સંપૂર્ણ નહિ.

*

(૧૫૦) તા. ૧૦-૧૦-૧૯૫૬

પોતાની અપૂર્ણતા પોતે દૂર કરવી

તું તારી માનેલી-ખોટી માનેલી અપૂર્ણતાઓને દૂર કરવા માટે અન્યનો સાથ શોધે છે, પણ તારી અપૂર્ણતાઓ તારા સિવાય અન્ય કોઇ દૂર કરી શકે એવા નથી. એ દૂર કરવા માટે તારે પોતે-જાતે જ સત્ય પ્રયત્ન કરવો જોઇએ, એ કરીશ એટલે તે દૂર થવામાં વિલંબ નહિં લાગે.

*

(૧૫૧) તા. ૧૦-૧૦-૧૯૫૬

સાવચેતી

બગડેલી હવા સુધરે કે સુધારીએ તે પહેલાં તે હવાના ભોગ ન બનીએ તેની સાવચેતી રાખવી અગત્યની છે.

*

(૧૫૨) તા. ૧૪-૧૦-૧૯૫૬

શુભ કર્તવ્ય

સારા કર્તવ્યો શક્તિ અનુસાર કરવા જોઈએ-અવશ્ય કરવા જોઈએ. પણ કેટલાક સારા કર્તવ્યોને પોતાનું કર્તવ્ય સમજીને કરતા હોય છે તો કેટલાક એ કર્તવ્યોને પરાણે કરતા હોય છે.

જ્યારે કેટલાક તો સારા કર્તવ્યોને પોતાના દૂષણોને છૂપાવવા માટે કરતા હોય છે. સારા કર્તવ્યોથી દૂષણો છૂપાય છે, દબાય છે. પણ તે હેતુથી એ કર્તવ્યો કરવા એ અતિશય ભયંકર છે.

દૂષણોનું ઢાંકણ કરવા માટે સારા કર્તવ્યો કરવા એ સારા કર્તવ્યોને મલિન કરવા સમાન છે, માટે સારા કર્તવ્યોને કર્તવ્યબુદ્ધિથી કરવા.

*

આ વસ્તુસ્થિતિ છે. આ દેવળ શ્રદ્ધાથી માની લેવા જેવી વાત છે એ
પણ તર્કશુદ્ધ વસ્તુસ્થિતિ છે, કારણ કે સર્વજ્ઞ સિવાય એ વાતનો અ
અન્યને અનુભવ નથી.

જેનો જેને અનુભવ નથી તે તે વિષયમાં શું કહી શકે
જન્મમરણના ચક્રમાંથી મુક્તિ મેળવવાની ઇચ્છા થતી હોય તો સ
વચનને અનુસરવું એ રીતિ છે–માર્ગ છે–સાધન છે.

*

(૧૬૦)

ચેતનનું મૂળસ્વરૂપ મેળવવું જોઈએ — તા. ૧૬-૧૦-૧

ચેતન અજ્ઞાન નથી, અપ્રસન્ન નથી, અબળ નથી, અશુદ્ધ ન
અસ્થિર નથી, જ્યાં એવો દેખાય છે એ શાથી દેખાય છે તેનો ગંભીર
વિચાર કરવો જોઇએ. સનત જેવો ગમે એવો આત્મા ક્ષણ પણ જો
ગમતો નથી એવું શાથી થયું છે? એ સ્વયં સમજવું જોઈએ. જો
સમજાય તો તેના જાણકાર પાસેથી સમજવું જોઇએ અને જે કારણોથ
એવું બન્યું હોય તે દૂર કરવા–વિના વિલંબે દૂર કરવા–તત્પર બનીને મૂળ
સ્વરૂપમાં આવી જવું જોઈએ.

*

(૧૬૧)

દુઃખ માત્ર દૂર કરવાની સમજ — તા. ૨૦-૧૦-૧૯૫

મૂળમાં રહેલા દોષ દૂર કરવાથી તેને કારણે ઉત્પન્ન થયેલા દોષો
સ્વયં દૂર થઈ જાય છે. ને જ્યાં સુધી મૂળગત દોષો દૂર નથી થતાં
ત્યાં સુધી ઉપરઉપરના ઉપચારો દોષને દબાવે છે પણ તેનો વિધ્વંસ
કરી શકતા નથી.

શારીરિક–માનસિક દુઃખોનું મૂળ આત્મામાં છે. આત્માની સાથે
એકમેક બની ગયેલા કર્મો છે. એ દૂર કરવાથી દુઃખમાત્ર દૂર થઈ જાય છે.

*

(૧૬૨) તા. ૨૭-૧૦-૧૯૫૬

ખોટા વિશ્વાસે ન રહેવું

કેટલાકને તમે તમારા માનતાં હો-છતાં તેઓ તમારા નથી એ નક્કી છે. તમારા ગણાતા તેઓ તમારા ઉપર પીઠ પાછળ ઘા કરે છે ને તમારું કર્યું-કારવ્યું બધું ધૂળ-ધાણી કરી નાંખે છે. તેઓથી તમે સતત સાવધ રહેજો. ક્ષણ પણ તેમના વિશ્વાસે ન રહેતા. તેમને સત્વર દૂર કરજો. દૂર કરશો તો સુખી થશો.

*

(૧૬૩) તા. ૨૭-૧૦-૧૯૫૬

મૂર્ખતા-૧

અલ્પલાભની ખાતર વગરવિચાર્યે વધારે જોખમ ખેડવું એ મૂર્ખતા છે.

*

(૧૬૪) તા. ૨૭-૧૦-૧૯૫૬

મૂર્ખતા-૨

સુન્દર અને સ્થાયી લાભ મળતો હોય એવા પ્રસંગે કેવળ પ્રમાદથી એ લાભ જતો કરવો એ મૂર્ખતા છે.

*

(૧૬૫) તા. ૨૭-૧૦-૧૯૫૬

મૂર્ખતા-૩

ભૂલ પોતાની હોય છતાં તેના જવાબદાર બીજાને ગણવા-ગણાવવા એ મૂર્ખતા છે.

એથી ભૂલ સુધરતી નથી પણ ભૂલની પરંપરા વધતી જાય છે.

*

(૧૬૬) તા. ૨૭-૧૦-૧૯૫

સર્વજ્ઞ એક એ જ સર્વશ્રેષ્ઠ છે

તમે જ્ઞાસ્ય છો. એ સ્થિતિમાં-કોઈ કોઈ વિષયમાં તમે મહેનત વિશેષ શ્રમ કરીને કેવળના કેળવી હોય એ બરાબર છે. બીજા જ્ઞાસ્યથી કરતાં તમે તમારા એ ખાસ વિષયમાં ઘણા આગળ પડતા હો એ પણ વ્યાજબી છે. પણ તેથી તમે પૂર્ણ છો, સર્વશ્રેષ્ઠ છો એવું માનવાની ભૂલ સ્વપ્ને પણ કરતાં નહિં.

સર્વજ્ઞ સિવાય અન્ય કોઈ સર્વશ્રેષ્ઠ નથી.

*

(૧૬૭) તા ૨૭-૧૦-૧૯૫

અન્તરના અંધારાને દૂર કરનાર

બહારના લાખો-કરોડો-અગણિત દીપકો અન્તરના અન્ધકારને અંશમાત્ર દૂર કરવા સમર્થ નથી. એ અધિકારને જડમૂળમાંથી દૂર કરવાનું સામર્થ્ય વીતરાગનું એક પણ વચન ધરાવે છે.

*

મૂલ્યાંકન (૧૬૮) તા. ૨૦-૧૩-૧૯૫

કેટલું કર્યું તેની કાંઈ કિંમત નથી, પણ કરવા યોગ્ય કેટલું કર્યું અને તે સંગીન કેટલું કર્યું એના પર કિંમતનો આધાર છે.

*

જાગૃત આત્મા (૧૬૯) તા. ૨૭-૧૦-૧૯૫

સાવધ-સાવચેત-જાગૃત આત્માને વિજળીના ચમકારા જેવો એક જ ચમકારો ચમત્કાર સર્જવાને માટે બસ છે. એમાં એ કરવાનું કરી લે

છે. બાકી જેઓ એવા નથી તેમને લાખો ચમકારા કે પરમ પ્રકાશ નકામા છે.

*

(૧૭૦) તા. ૨૭-૧૦-૧૯૫૬

ઉપયોગિતા પ્રસંગે છે

જ્યારે જેનું પ્રયોજન હોય ત્યારે તેની ઉપયોગિતા છે. જરૂરીઆત ન હોય ત્યારે પદાર્થોની વિપુલતા પણ વ્યર્થ છે. આ વાત સર્વત્ર સમાન છે.

*

(૧૭૧) તા. ૨૭-૧૦-૧૯૫૬

સાર્થકતા

જે જેનો અર્થી હોય તેને તે વસ્તુ આપવી. એથી આપ્યું સાર્થક થશે. એ એક વાત છે

પણ સારી વસ્તુ આપવી જ હોય ત્યારે જેને તે વસ્તુ આપવાની છે તેને તેનો અર્થી બનાવવો એ મુખ્ય વાત છે.

*

(૧૭૨) તા. ૨૯-૧૦-૧૯૫૬

અશુભ

પોતાનું કે પરનું અશુભ ચિંતવવું નહિં.

*

(૧૭૩) તા. ૨૯-૧૦-૧૯૫૬

એમ ન માનવું

પોતાને પ્રયોજન ન હોય તેથી તે પદાર્થની કાંઈ કિંમત નથી, એમ માનવું નહિં.

*

તાત્પર્ય કે આપણે વિચારવાનું છે, નહિં કે જેના પર વિશ્વાસ કરી છે તેના

(૧૮૩) તા. ૨૩-૧૧-૧૯૫૦

વિશ્વાસમાં તરતમતા

વિશ્વાસની ભૂમિકાઓમાં તરતમતાઓ વહી છે અને તેથી કરી પ્રાપ્તિમાં પણ તરતમતાઓ જોવામાં આવે છે.

(૧૮૪) તા. ૨૩-૧૧-૧૯૫૦

ઉત્તમોત્તમ

શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ એ ઉત્તમોત્તમ છે.

(૧૮૫) તા. ૨૩-૧૧-૧૯૫૦

'શુદ્ધ' વિશેષણ

દેવ, ગુરુ અને ધર્મ વિષયમાં અનેક પ્રકારના છે એટલે એ બધેમાં શુદ્ધ એવું વિશેષણ જોડવું અનિવાર્ય છે.

(૧૮૬) તા. ૨૩-૧૧-૧૯૫૦

કિંમતી આત્મા

પરપદાર્થોના મેલ જેવા હમ કરતાં સ્વપદાર્થી આત્મા વિશેષ કિંમતી છે.

(૧૮૭) તા. ૩-૧૨-૧૯૫૦

ભૂમિકાઓ

દરેક આત્માઓની ભૂમિકાઓ જુદી જુદી હોય છે. ઉન્નતિની અને અવનતિની; ભૂમિકાથી વિશેષ ઉન્નતિ કે અવનતિ સંભાવિત નથી.

એ ભૂમિકાઓમાં કેટલીક ભવને આશ્રયીને હોય છે, કેટલીક દેહને અવલંબીને હોય છે, જ્યારે કેટલીક કુળ-જાતિને આધારે હોય છે. આ સર્વ અનુકૂલતાએ હોય છે, પણ ભવને આશ્રયીને નિશ્ચિત થયેલી ભૂમિકા નિયત હોય છે.

સારા થવાની ભૂમિકા એમ તેવી હોય જ્યાં પણ તેથી ઉપર-આગળ જવાની ઇચ્છા કરવામાં લાભ છે.

શક્તિ બહારની એવી ઇચ્છાઓ સફળ કરવા માટે અયોગ્ય પ્રયત્ન કરવા એ દુઃસાહસ છે, કેમ અનુરૂપ પ્રયત્નોપૂર્વક ઇચ્છા રાખવી એમાં હિત છે.

*

(૧૮૮) તા. ૮-૧૨-૧૯૫૧

પોતાના સ્થાનની વિશેષતા

પોતાનું જ્યાં સ્થાન છે તેમાં કઇ કઇ વિશેષતાઓ છે તે પ્રમાણિકપણે વારંવાર વિચારવી જરૂરી છે. કલ્પના માત્રથી વિચારવામાં લાભ નથી એ પ્રમાણે વિશેષતાઓ હોવા જ્યાં ને તરફ દુર્લક્ષ રાખવાથી પણ લાભ નથી.

સાચી વિશેષતાઓના જ્ઞાનથી તે સ્થાનથી પ્રાપ્ત થતા લાભ સારી રીતે મેળવી શકાય છે.

*

(૧૮૯) તા. ૮-૧૨-૧૯૫૧

વચનશક્તિનો ઘ્રાસ

નકામા ઘણા શબ્દો બોલવાથી વચનશક્તિ ઘટે છે.

*

(૧૯૦) તા. ૮-૧૨-૧૯૫૧

વસ્તુની ઉપયોગિતા અંગે

આપણને જે વસ્તુ ઉપયોગી નથી અને બીજાને તે ઉપયોગી છે,

માનવું કે ખાલી વિશ્વાસમાં છે, નહિં કે જેના પર વિશ્વાસ રાખેલ છે તેમાં.

(૧૮૩) તા. ૨૩-૧૧-૧૯૫૬

વિશ્વાસમાં તરતમતા

વિશ્વાસની ભૂમિકાઓમાં તરતમતાઓ વધી છે અને તેથી કક્ષાપ્રાપ્તિમાં પણ તરતમતાઓ જોવામાં આવે છે.

(૧૮૪) તા. ૨૩-૧૧-૧૯૫૬

ઉત્તમોત્તમ

શુદ્ધ દેવ, શુદ્ધ ગુરુ અને શુદ્ધ ધર્મ એ ઉત્તમોત્તમ છે.

(૧૮૫) તા. ૨૩-૧૧-૧૯૫૬

'શુદ્ધ' વિશેષણ

દેવ, ગુરુ અને ધર્મ વિષયમાં અનેક પ્રકારના છે એટલે એ વર્ગમાં શુદ્ધ એવું વિશેષણ જોડવું અનિવાર્ય છે.

(૧૮૬) તા. ૨૩-૧૧-૧૯૫૬

કિંમતી આત્મા

પરપદાર્થોના ગેરજોડાણ કરતાં સ્વપદાર્થી આત્મા વિશેષ કિંમતી છે.

(૧૮૭) તા. ૩-૧૨-૧૯૫૬

ભૂમિકાઓ

દરેક આત્માઓની ભૂમિકાઓ જુદી જુદી હોય છે. ઉન્નતિની અને અવનતિની; ભૂમિકાથી વિશેષ ઉન્નતિ કે અવનતિ સંભવિત નથી.

એ ભૂમિકાઓમાં કેટલીક જાતને આશ્રયીને હોય છે, કેટલીક ક્ષેત્રને અવલંબીને હોય છે, જ્યારે કેટલીક કુળ-જાતિને આધારે હોય છે. આ સર્વ બહુલતાએ હોય છે, પણ જાતને આશ્રયીને નિશ્ચિત થયેલી ભૂમિકા નિયત હોય છે.

સારા થવાની ભૂમિકા ગમે તેવી હોય જ્યાં પણ તેથી ઉપર-આગળ વધવાની ઇચ્છા કરવામાં લાભ છે.

શક્તિ બહારની એવી ઇચ્છાઓ સફળ કરવા માટે અયોગ્ય પ્રયત્નો કરવા એ દુઃસાહસ છે, દક્ષ અનુરૂપ પ્રયત્નોપૂર્વક ઇચ્છા ટકાવી રાખવી એમાં હિત છે.

*

(૧૮૮) તા. ૩-૨-૧૯૫૬

પોતાના સ્થાનની વિશેષતા

પોતાનું જ્યાં સ્થાન છે તેમાં કઇ કઇ વિશેષતાઓ છે તે પ્રાપ્તાધિકપણે વારંવાર વિચારવી જરૂરી છે. કલ્પના માત્રથી વિચારવામાં લાભ નથી એ પ્રમાણે વિશેષતાઓ હોવા છતાં તે તરફ દુર્લક્ષ રાખવાથી પણ લાભ નથી.

સાચી વિશેષતાઓના જ્ઞાનથી તે સ્થાનથી પ્રાપ્ત થતા લાભ સારી રીતે મેળવી શકાય છે.

*

(૧૮૯) તા. ૩-૧૨-૧૯૫૬

વચનશક્તિનો હ્રાસ

નકામા ઘણા શબ્દો બોલવાથી વચનશક્તિ ઘટે છે.

*

(૧૯૦) તા. ૩-૧૨-૧૯૫૬

વસ્તુની ઉપયોગિતા અંગે

આપણને જે વસ્તુ ઉપયોગી નથી અને બીજાને તે ઉપયોગી છે,

એ સ્થિતિમાં સામો આભાર માને કે ન માને પણ વસ્તુ છોડન
સામાને આપનારને લાભ છે.

અનુપયોગી વસ્તુનો ત્યાગ (દાન) ન કરનારને તત્કાલ કાંઈ નુક
જણાતું નથી પણ પરંપરાએ તેને જરૂર નુકશાન થાય છે. મોહ
છે ને તેથી જ્યારે પોતાને ઉપયોગી વસ્તુ મેળવવાની હોય છે ત્યારે
મળી શકતી નથી.

આ કરતાં પણ કેટલાકની જાગરૂકતા-વિષમતા એવી હોય છે
તેઓ પોતાને ઉપયોગમાં ન આવતી વસ્તુ તો ઠીક પણ નુકશાન કરતી
વસ્તુને પણ છોડી શકતા નથી અને નુકશાનને સહન કર્યા કરે છે. એવા
જીવોને કેવા ગણવા એ પણ એક પ્રશ્ન છે.

માટે મોહને દૂર કરીને વસ્તુનો સદ્ઉપયોગ થાય એ રીતે તેનો ત્યાગ
કરતાં શીખવું.

(૧૯૧)

અભ્યાસ તા. ૩-૧૨-૧૯૫૬

લાભદાયક કઠિન કાર્યોનો સતત અભ્યાસ રાખવો. અભ્યાસથી
કઠિન કાર્યો પણ સરલ બને છે અને અભ્યાસ છૂટી જવાથી સહજ-
સાધ્ય કાર્યો પણ દુઃસાધ્ય બની જાય છે.

*

(૧૯૨)

તા. ૩-૧૨-૧૯૫૬

દુઃખના કારણો પ્રત્યે અપ્રીતિ રાખવા

દુઃખ જેટલું અપ્રિય લાગે છે તેટલા તેના કારણો અપ્રિય નથી
લાગતા ને કેટલાક દુઃખના કારણો તો જેટલું દુઃખ અપ્રિય લાગે છે
તેટલાં જ તેના કારણો પ્રિય લાગે છે. એમ શાથી બને છે, એ વારંવાર

વિચારવું જરૂરી છે અને દુઃખના કારણો તરફ અપ્રીતિ–સૂગ જાગે એ પ્રમાણે કરવું જોઈએ.

*

(૧૯૩) તા. ૬–૧૨–૧૯૫૬

વિશિષ્ટ ગુણની કાળજી

જીવનને ટકાવી રાખનાર કોઈ એક વિશિષ્ટ ગુણ કેળવવો આવશ્યક છે. સામાન્ય રીતે કોઈ પણ ગુણ માણસને ગમતો હોય છે. જેને જે ગુણ ગમતો હોય તે ગુણ પ્રત્યે વિશેષ કાળજી રાખીને તે કેળવવાથી બીજા પણ ઘણા લાભ થાય છે.

પોતાને રુચતા ગુણ પ્રત્યે બેદરકાર રહેવાથી જતે દિવસે એ ગુણ પણ ખાલી થઈ જાય છે.

રોજ થોડું થોડું સિંચન અને ચિંતન ગુણ તરફ રાખવાથી ગુણની પોષક સામગ્રી અને શોષક સામગ્રી ખ્યાલમાં આવી જાય છે.

ગુણ કેળવનારે પોતાને રુચતો ગુણ એ સર્વશ્રેષ્ઠ છે અને બીજાના ગુણમાં કાંઈ નથી, એમ માનવું એ પણ વ્યાજબી નથી, તેથી પોતાના ગુણની યોગ્ય કિંમત પણ બીજા આંકતા નથી ને જતે દિવસે પોતાના ગુણ પ્રત્યે પોતાને જ ઉપેક્ષા જાગે છે ને તે નાશ પામે છે.

પોતાના ગુણના રક્ષણપૂર્વક બીજાના ગુણની અનુમોદના એ ગુણ-વૃદ્ધિનો સુન્દર અને સચોટ ઉપાય છે.

*

(૧૯૪) ૬–૧૨–૧૯૫૬

ગધેડા, ડફણાં અને કુંભાર

વ્યવહારમાં એમ કહેવાય છે કે–'ડફણાં વગર ગધેડા સીધા ન ચાલે' પણ એથી ગધેડાને વારંવાર ડફણાં માર્યા કરવા એ કાંઈ વ્યાજબી

નથી. ઠરાવ્યાં બાધાં કરવાની ટેવવાળો કૂંભાર ગણાય છે. ને પછી તે ગધેડા સાથે જ કામ કરવું આકરું આવે છે.

ઠરાવ્યાંઓ ગધેડા માટે આલે પણ ઘોડાઓ–જાતિવંત ઘોડાઓ એ સહન ન કરે. ઠરાવ્યાં બાંધવાની ટેવવાળા તો જાતિવંત ઘોડાને પણ ટેવ કારણે ઠરાવ્યું બાંધી દે. પછીથી પરિણામ એ આવે કે કાં તો ઘોડો તેને છોડી દે અથવા ઘોડાને તે છોડી દે.

કાર્ય કરાવવાની કેટલીક અજુગતી રીતો સંયોગવશ અજમાવવી પડે તો પણ તે રીત સારી છે એમ તો માનવું નહિ. નહિં તો એ રીતો નાનું કામ કરશે અને મોટું કામ બગાડશે.

*

(૧૯૫૫) તા. ૧–૧૨–૧૯૫૬

યોજના

વિશ્વમાં અનેક યોજનાઓ ચાલે છે. તેમાં કેટલીક સુવ્યવસ્થિત હોય છે, કેટલીક વ્યવસ્થિત હોય છે ને કેટલીક અવ્યવસ્થિત હોય છે. યોજના ઘડનારાઓ બધા યોગ્ય જ હોતાં નથી. એટલે યોજનાઓ પણ ખામી-ભરી બને છે. કદાચ યોજનાનો ઘડનાર યોગ્ય હોય પણ તેના સંયોગો સાનુકૂળ ન હોય તો પણ યોજના ખામીવાળી બને છે. સર્વ અનુકૂળતાઓ યથાયોગ્ય હોય છે ત્યારે યોજના અનુકૂળ અને અનુરૂપ બને છે.

કેટલાક યોજનાઓના ઘડવૈયા હોય છે તો કેટલાક તે યોજનામાં જોડાઈને સહકાર પૂરનારા હોય છે. આજે એવું ઘણે સ્થળે જોવામાં આવે છે કે જેઓએ યોજનામાં સહકાર પૂરવો જોઈએ, તેઓ તેમ ન કરતાં યોજના ઘડવા મંડી પડે છે. છેવટે તેમાં તેમને નિષ્ફળતા મળે છે અને યોગ્ય વ્યક્તિને અવસર મળતો નથી

માટે દરેક વ્યક્તિએ પરનું તો દૂર રહ્યું પણ પોતાનું હિત સાધવા માટે પણ એ વિચારવું જરૂરી છે કે પોતે યોજનાનો ઘડનાર છે કે યોગ્ય

યોજનામાં સહાય કરનાર છે, એ વિચારપૂર્વક યોગ્ય કાર્ય કરનાર જરૂર આગળ આવે છે ને લાભ મેળવે છે.

*

(૧૯૬) તા. ૬-૧૨-૧૯૫૬

યોગ્ય વસ્તુ

વસ્તુ યોગ્ય હોય, યોગ્ય પાસેથી યોગ્ય રીતે મેળવી હોય અને ફાયદો ન આપે-એટલું જ નહિં પણ ઝાઝામાં નુકશાન કરે એટલે તે યોગ્ય વસ્તુને છોડી દેવાની ઊતાવળ કરવી નહિં. વસ્તુ યોગ્ય છે અને યોગ્ય વ્યક્તિએ યોગ્ય રીતે વિચારીને આપી છે કે પોતે વિચારપૂર્વક યોગ્ય વસ્તુ ગ્રહણ કરી છે તો તેનું પરિણામ સારું આવે ત્યાં સુધી ધીરજ રાખવી.

ધૈર્યના અભાવે વસ્તુને અયોગ્ય ગણવી એ ઉચિત નથી. ધૈર્ય રાખવા છતાં લાંબે ગાળે પણ વસ્તુ સુયોગ્ય પરિણામ ન આપે તો પરિણામ કેમ નથી આવતું તેનો ઉચિત વિચાર કરવો, પણ યોગ્ય વસ્તુને અયોગ્ય માનવાની ભૂલ તો ન જ કરવી.

*

(૧૯૭) તા. ૭-૧૨-૧૯૫૬

પ્રમાદ અને અજ્ઞાન

જ્યારે કોઈ પણ એમ કહે કે (અમુક સમયે) મારે કાંઈ પણ કામ નથી. ત્યારે સમજવું કે એનામાં અજ્ઞાન અને પ્રમાદ જીવતા-જાગતા બેઠા છે.

અપ્રમાદી અને જ્ઞાનીને કોઈ પણ સમય નવરાશ હોતી નથી.

*

અને ગયા-ગયા પછી જાય છે. પછી તો તે કેવું વિચિત્ર લાગે છે કોઈ સમજાવવું પડે એમ નથી.

*

(૨૦૩) તા. ૧૪-૧૨-૧૯૫

મહાપુરુષનો આત્મા-હૃદય

મહાપુરુષ ચાલ્યા ગયા અને તેમની પાછળ તેમનો પરિવાર-અનુયાયીવર્ગ વિલાપ મૂકતા ગયા. મહાપુરુષ ઉપયોગમાં લેતા હતા તે સ્થૂળ વસ્તુઓ પરિવારમાં વહેંચાઈ ગઈ. દરેક જણે તેમની જે જે વસ્તુ મળી તેનું તેઓ ગૌરવ લેવા લાગ્યા.

પણ-પરિવારમાં કોઈએ ન સાચવ્યો તેમનો આત્મા-કોઈએ ન રાખ્યું તેમનું હૃદય. એ વગર તેમની સ્થૂળ વસ્તુઓ પરિવારને શોભાવતી ન હતી.

*

(૨૦૪) તા. ૧૪-૧૨-૧૯૫૬

પરાવલમ્બન

વય આદિની યોગ્યતા આવ્યા છતાં અન્યની દયા પર જીવન વ્યતીત કરવું પડે તે કરતાં અન્ય કોઈ કમનસીબી જૂદી નથી.

*

(૨૦૫) તા. ૧૭-૧૨-૧૯૫૬

આત્મત્રૈવિધ્ય

૧. પૌદ્ગલિક ઇચ્છામાં રાચનારા જીવો બહિરાત્મદશામાં છે.
૨. અન્તરદૃષ્ટિ કેળવીને યથોચિત જીવન જીવનારા અન્તરાત્મદશામાં છે.
૩. નિજગુણપરિપૂર્ણ પ્રાપ્ત કરીને રહેલા આત્માઓ પરમાત્મદશામાં છે.

*

(૨૦૬) તા. ૧૭-૧૨-૧૯૫૬

ગુણ અને દોષ

પોતે કેળવેલા ગુણો સાચવવા એ જરૂરી છે, પણ તેથી તે ગુણોની અન્યમાં ખામી જણાય તો તે હીન છે એવું માનવાની ભૂલ કરવી નહિં. અન્યમાં પણ કોઈને કોઈ ગુણ જરૂર ખીલેલો હોય છે. તે જોવાની દૃષ્ટિ કેળવવી, તેથી અન્ય પ્રત્યેનો હીનભાવ આવશે નહિં અને આવ્યો હશે તો ચાલ્યો જશે.

બીજી બાજુ પોતાનામાં ઘણા ગુણો હોવા છતાં પણ કોઈ-કોઈ જરૂરી ગણાતા ગુણની પણ ખામી હોય છે. એનો વિચાર કરવાથી પણ અન્ય પ્રત્યેનો હીન ભાવ દૂર થાય છે.

સર્વગુણસમ્પન્ન તો સર્વજ્ઞ પરમાત્મા છે. બાકીના જીવોમાં ગુણોની તરતમતા હોય છે.

છતાં એટલું જરૂર છે કે અમુક ગુણો તો જીવનમાં હોવા જ જોઈએ, એ ન હોય તો ન ચાલે. અમુક દોષો તો ન જ હોવા જોઈએ-એ હોય તો ન ચાલે.

આમાં પણ અવસ્થા અને કાળના ભેદે અપવાદ રહે છે.

*

(૨૦૭) તા. ૨૨-૧૨-૧૯૫૬

કર્મ અને ધર્મ

ધર્મનો એક અંશ પણ-જો તે શુદ્ધ હોય તો તે-કરોડો મણ પ્રમાણ કર્મના કાષ્ઠને બાળી નાખવા સમર્થ છે.

*

(૨૦૮) તા. ૨૨-૧૨-૧૯૫૬

કર્મની ચીકાશ

કર્મમાંથી ચીકાશ દૂર કરીને તેને સૂકવી નાંખવાં કે જેથી તેને બળી જતાં વાર ન લાગે.

(૨૧૦)

[illegible]

(૨૧૧)

ક્ષુદ્રઆદિ જન્ય પોચ્યના

માણસને કેળવવામાં આવે તો તેની કિંમત વધી જ જાય છે. પણ માણસ માત્ર કેળવી શકાતા નથી, તેની પણ મર્યાદા હોય છે. એ મર્યાદામાં જાતિ – કુળ – દેશ વગેરે પ્રધાન ભાગ ભજવે છે ને તેથી તે વ્યક્તિ તે મર્યાદામાં જ આગળ વધી શકે છે.

આમાં કોઈ વ્યક્તિ અપવાદભૂત નીકળે છે પણ એથી કાંઈ મર્યાદાને

બાધ આવતો નથી. એટલે મર્યાદાનો વિચાર કરીને કરેલ યત્ન સફળ બને છે.

*

(૨૧૨) તા. ૨૮-૧૨-૧૯૫૬

શિકારી અને શિકાર

આત્મા શિકારી છે, પણ તેને કોનો શિકાર કરવાનો છે, તેની સાચી સમજ લેવાની જરૂર છે. જંગલમાં તેનો માર્ગ રોકીને ભયાનક જંગલી પશુઓ ઊભા છે. તેનો તેને શિકાર કરવાનો છે. એ પશુઓ ખૂબ ચાલાક – ચપળ અને ક્રૂર છે. આત્મા જરી પણ અસાવધ બને – ગફલત કરે તો તે પશુઓ છટકી જાય એટલું જ નહિં પણ પાછળથી એવો હુમલો કરે કે શિકારી પોતે તેનો શિકાર બની જાય.

ઘણી વખત શિકારી એવા ચૂંચવણમાં પડી ગયો હોય છે કે જેનો શિકાર કરવાનો હોતો નથી તેનો શિકાર કરે છે ને પાછળથી પસ્તાય છે. એટલે કોનો, ક્યારે, કેવી રીતે અને કેટલો શિકાર કરવાનો છે. તેનું જ્ઞાન વ્યવસ્થિત મેળવવું જોઇએ. ૧, આત્મા–શિકારી. ૨. ભવ–જંગલ. ૩. જ્ઞાન–દર્શન–ચારિત્ર–માર્ગ. ૪. પુણ્ય–માર્ગદર્શક–સહાયક–વોળાવો. ૫. પાપ–શિકાર, ૬. પ્રમાદ–અસાવધતા ૭. મોક્ષ–સર્વસુખસંપન્નનગર.

*

(૨૧૩) તા. ૨૮-૧૨-૧૯૫૬

રસાતલ

પુણ્ય જ્યારે પાપના વાઘા પહેરી લે છે અને પાપ જ્યારે પુણ્યના વાઘા પહેરી લે છે ત્યારે સમજવું કે જગતને રસાતલ પહોંચવામાં વિશેષ વિલંબ નથી.

*

(૨૧૪)

તા. ૨૮-૧૨-૧૯૫

કાર્યની કદર અને કર્તવ્યનિષ્ઠા

કોઈ સારું કાર્ય કર્યા પછી તેની કદર યોગ્ય આત્માઓને થાય એ આવશ્યકતા છે. એથી કાર્ય દીપી ઊઠે છે અને કાર્યમાં વેગ આવે છે. પણ કાર્ય કરનાર જો એની આકાંક્ષા સેવે તો તે એક ભૂલ છે. એની ભૂલ ઘણી વખત થઈ જાય છે. પણ એ ભૂલ છે એટલું હૃદયમાં રહેવું જોઈએ, નહિં તો સારું કાર્ય કર્યા પછી કદરને અભાવે કાર્ય છૂટી જાય છે. એથી એક ભૂલ કદર ન કરનારે કરી અને બીજી ભૂલ કાર્ય કરનારે કરી. પછી તો ભૂલની પરંપરા ચાલતી આવે છે. એટલે ભૂલને ગમે ત્યાં અટકાવવી એ સુજ્ઞની ફરજ છે.

સારું કાર્ય કરનાર સુજ્ઞ છે એટલે ભૂલ ત્યાંથી અટકે એ યોગ્ય છે. કર્તવ્યનિષ્ઠા કેળવવાથી આવી ભૂલનો જન્મ જ થતો નથી.

*

(૨૧૫)

તા. ૨૮-૧૨-૧૯૫

માનવ અને પશુ

કેળવાયેલા પશુ માનવ કરતાં વિશેષ કિંમતી છે અને અકેળવાયેલા માનવ પશુ કરતાં પણ નપાવટ છે.

*

(૨૧૬)

તા. ૨૮-૧૨-૧૯૫

દયા

પ્રાણી માત્રની દયાને ચાહનાર કદી પણ દયાપાત્ર બનતો નથી અને તેને ઉવેખનારે કદી પણ દયાપાત્ર બનતો નથી.

જ્યારે જ્યારે અન્યની દયા માંગવી પડે ત્યારે વિચારવું કે હજુ પોતાનામાં દયાની ખોટ છે. દયાની ઝરતી હોય છે ત્યારે કોઈની પણ દયા યાચવી પડતી નથી.

*

(૨૧૭) તા. ૩૦-૧૨-૧૯૫૬

આત્મજ્ઞાન

કેટલાએક 'આત્માને ઓળખો' 'આત્માને વિચારો' 'આત્માને સમજો' એમ આત્માને આગળ કરીને આત્મા-આત્મા ગોખ્યા કરે છે અને ગોખાવ્યા કરે છે. પણ એ આત્માને નામે ગમે તેમ ચલાવવાથી કાંઈ વળતું નથી. આત્માને સમજવો આવશ્યક છે જ્યાં તે તેની રીતે સમજાય છે. જે રીતે એ સમજાય એ રીત સમજવી જરૂરી છે. એ રીતે આત્મજ્ઞાન થતાં વાર લાગતી નથી. રીત વગર આત્મા-આત્મા ગોખ્યા કરવાથી આત્મજ્ઞાન થતું નથી.

આત્મા-એ શબ્દ એટલો ઉત્તમ છે કે તેનો સવળો ઉપયોગ કરવાથી આત્માનું કલ્યાણ થતાં વિલંબ થતો નથી અને તેનો અવળો ઉપયોગ કરવાથી રહ્યુંસહ્યું આત્મજ્ઞાન ચાલ્યું જતાં વિલંબ થતો નથી, માટે 'આત્મા' શબ્દનો દુરુપયોગ કરવો નહિ.

*

(૨૧૮) તા. ૩૧-૧૨-૧૯૫૬

પોતપોતાના પાટા

બન્ને ગાડીઓ પોતપોતાના જુદા-જુદા પાટા ઉપર ચાલી જતી હોય તો પછી ભલે તે સામ-સામો હોય કે બાજુ-બાજુમાં હોય પણ અથડામણ થવાનો કોઈ પ્રસંગ આવશે નહિ.

એમાં ફેર થાય એટલે સાવચેતી નહિ હોય તો અથડામણ થયા વગર રહે નહિ.

*

(૨૧૯) તા. ૩૧-૧૨-૧૯૫૬

પીળું એ પીળું દેખનારને કમળો નથી

કમળો થયો હોય તેને ઉજળું હોય એ પીળું દેખાય; એમાં કમળા-

વાળો દૂષિત છે એ બરાબર છે. પણ પીળું દોષ એ સારી આંખવાળાં
પીળું દેખાય અને તે બીજાને પીળું છે એમ કહે તેમાં એ દૂષિત નથી
પણ જેવું એ છે તે તેને ઉલ્ટાં (ખોટું) માની બેઠો છે ને તેથી તે
સારી આંખવાળાને ક્રમશો થયો છે માટે પીળું કહે છે, એમ કહીને નિર
છે, પણ તેથી તેનું પીળું મટી જતું નથી, એવા તે વિકલ દૂષિત થાય છે.

(૨૨૦) તા. ૧૦-૧-૧૯૫૬

જ્યોતિના પૂરક તત્ત્વો પણ કિંમતી છે

તેલ-વાટ અને જ્યોતિથી પ્રકટતો દીપક પ્રકાશ પાથરે છે. તેમાં જ્યોતિ કિંમતી છે એ પદાર્થ છે. પણ તેથી તેલ અને વાટની કિંમત સાધારણ છે એવું સદ્ગત માની લેવું વ્યાજબી નથી.

પાણીમાં વાટ મૂકીને જ્યોતિ પ્રકટાવવાના પ્રયત્નો નિષ્ફળ જાય છે અને તેલમાં કાષ્ટ કે લોઢું મૂકીને સળગાવવા જતાં કાંઈ વળતું નથી એ અનુભવસિદ્ધ છે.

તેલ અને વાટ એમ ને એમ દિવસો સુધી પડ્યા રહે તો પણ તેનો કાંઈ અર્થ નથી. પણ તેમાં જ્યોતિનો સમાગમ થતાં એ જળહળી ઊઠે છે.

સૌ પોતપોતાના કાર્યમાં પૂરા ઉપયોગી છે અને તે પ્રમાણે તેનું મૂલ્યાંકન પણ થવું જરૂરી છે.

*

(૨૨૧) તા. ૧૦-૧-૧૯૫૬

મુક્તિ નજીક છે કે દૂર

મુક્તિ નજીક છે કે દૂર એ જ્ઞાની સિવાય કોઇ જાણી શકતું નથી પણ તેની કલ્પના થઈ શકે છે.

નકામી વસ્તુઓથી મુક્તિ મેળવનાર, નકામી વૃત્તિઓથી મુક્તિ

મેળવનાર આત્મા મુક્તિની નિકટ છે અને નકામી વસ્તુઓને પકડી રાખનાર, નકામી વૃત્તિઓને પકડી રાખનાર આત્મા મુક્તિની દૂર છે એમ સાપેક્ષભાવે જરૂર કહી શકાય.

*

(૨૨૨) તા. ૧૪-૧-૧૯૫૭

સર્વજ્ઞ સિવાય કોઈ પરિપૂર્ણ નથી

જ્યાં જ્યાં વિકાસ તે જ્યાં સુધી સર્વજ્ઞ ન બને ત્યાં સુધી ગમે તેટલો થાય જ્યાં પણ અપૂર્ણ જ હોય છે. એક વિષયનું પણ તેને સંપૂર્ણ જ્ઞાન કે ભાન હોતું નથી. એટલે એવા જીવોએ કોઈ પણ વાતમાં આ અમારો અભિપ્રાય છેવટનો છે એવા નિર્ણય રાખવો કે કહેવો એ ઠીકપણાભર્યું નથી.

પોતે જેમાં શ્રમ કર્યો હોય-અનુભવ મેળવ્યો હોય તે અને જેને તેનો અનુભવ નથી એ બન્નેનાં મન્તવ્યમાં પણ જ્યારે ફેર રહે છે તો જે વિષયનો પોતાને અંશમાત્ર અનુભવ નથી એવા વિષયમાં અભિપ્રાય આપનાર કેવો ગણાય.

જ્યાં પણ જીવોનો એવો વિચિત્ર સ્વભાવ છે કે તેઓ એવા અનેક વિષયોમાં આગ્રહપૂર્વક માથું મારી કરે છે અને પોતાનું ખોટું છે તેને સાચું કરવા મિથ્યા પ્રયત્નો કર્યા કરે છે.

સર્વજ્ઞકથિતભાવો નિરાગ્રહભાવે કહેવામાં કોઈ આપત્તિ રહેતી નથી. એટલે તે ભાવો સ્પષ્ટપણે કહેવા, તેમાં સ્વપરનું હિત છે.

*

(૨૨૩) તા. ૧૫-૧-૧૯૫૭

એક જ દાણો

એક જ દાણામાં ઘણાં સગપણ બગાડી શકાય છે અને સુધારી પણ શકાય છે. નિર્ણય કરવો એ આત્માના હાથની વાત છે, સુધારવું

વાળો દૂષિત છે એ બરાબર છે. પણ પીળું દોષ એ સારી આંખવાળાં
પીળું દેખાય અને તે બીજાને પીળું છે એમ કહે તેમાં એ દૂષિત નથી
પણ જેનું એ છે તે તેને ઉજળું (ખોટું) માની બેઠો છે ને તેથી તે
સારી આંખવાળાને કમળો થયો છે માટે પીળું કહે છે, એમ કહીને નિર્દે
છે, પણ તેથી તેનું પીળું મટી જતું નથી, એવો તે વિશેષ દૂષિત થાય છે.

(૨૨૦) તા. ૧૦-૧-૧૯૫૭

જ્યોતિના પૂરક તત્ત્વો પણ કિંમતી છે

તેલ-વાટ અને જ્યોતિથી પ્રકટતો દીપક પ્રકાશ પાથરે છે. તેમાં જ્યોતિ કિંમતી છે એ યથાર્થ છે. પણ તેથી તેલ અને વાટની કિંમત સાધારણ છે એવું સરજ્યાર માની લેવું ઘાટતી નથી.

પાણીમાં વાટ મૂકીને જ્યોતિ પ્રકટાવવાના પ્રયત્નો નિષ્ફળ જાય છે અને તેલમાં કાષ્ટ કે લોટું મૂકીને સળગાવવા જતાં કાંઈ વળતું નથી એ અનુભવસિદ્ધ છે.

તેલ અને વાટ એમ ને એમ દિવસો સુધી પડ્યા રહે તો પણ તેનો કાંઈ અર્થ નથી. પણ તેમાં જ્યોતિનો સમાગમ થતાં એ જળહળી ઊઠે છે.

સૌ પોતપોતાના કાર્યમાં પૂરા ઉપયોગી છે અને તે પ્રમાણે તેનું મૂલ્યાંકન પણ થવું જરૂરી છે.

(૨૨૧) તા. ૧૦-૧-૧૯૫૭

મુક્તિ નજીક છે કે દૂર

મુક્તિ નજીક છે કે દૂર એ જ્ઞાની સિવાય કોઈ જાણી શકતું નથી પણ તેની કલ્પના થઈ શકે છે.

નકામી વસ્તુઓથી મુક્તિ મેળવનાર, નકામી વૃત્તિઓથી મુક્તિ

મેળવનાર આત્મા મુક્તિની નિકટ છે અને નકામી વસ્તુઓને પકડી રાખનાર, નકામી વૃત્તિઓને પકડી રાખનાર આત્મા મુક્તિની દૂર છે એમ સાપેક્ષભાવે જરૂર કહી શકાય.

*

(૨૨૨) તા. ૧૪-૧-૧૯૫૭

સર્વજ્ઞ સિવાય કોઈ પરિપૂર્ણ નથી

છદ્મસ્થ જીવનો વિકાસ તે જ્યાં સુધી સર્વજ્ઞ ન બને ત્યાં સુધી ગમે તેટલો થાય છતાં પણ અપૂર્ણ જ હોય છે. એક વિષયનું પણ તેને સંપૂર્ણ જ્ઞાન કે ભાન હોતું નથી. એટલે એવા જીવોએ કોઈ પણ વાતમાં આ અમારો અભિપ્રાય છેવટનો છે એવા નિર્ણય રાખવો કે કહેવો એ ઉચિત નથી.

પોતે જેમાં શ્રમ કર્યો હોય-અનુભવ મેળવ્યો હોય તે અને જેને તેનો અનુભવ નથી એ બન્નેનાં મન્તવ્યમાં પણ જ્યારે ફેર રહે છે તો જે વિષયનો પોતાને અંશમાત્ર અનુભવ નથી એવા વિષયમાં અભિપ્રાય આપનાર કેવો ગણાય.

છતાં પણ જીવોનો એવો વિચિત્ર સ્વભાવ છે કે તેઓ એવા અનેક વિષયોમાં આગ્રહપૂર્વક માથું મારી કરે છે અને પોતાનું ખોટું છે તેને સાચું કરવા મિથ્યા પ્રયત્નો કર્યા કરે છે.

સર્વજ્ઞકથિતભાવો નિરાગ્રહભાવે કહેવામાં કોઈ આપત્તિ રહેતી નથી. એટલે તે ભાવો સ્પષ્ટપણે કહેવા, તેમાં સ્વપરનું હિત છે.

*

(૨૨૩) તા. ૧૫-૧-૧૯૫૭

એક જ દાણો

એક જ દાણામાં ઘણું સમાયું ગણાઈ શકાય છે અને સુધારી પણ શકાય છે. નિર્ણય કરવો એ આત્માના હાથની વાત છે, સુધારવું

દોષ ના સંયોગ ને બગાડવું દોષ ના બગાડો. પણ બગાડા
સંધારવું મુશ્કેલ થઈ પડશે ને મોડી સજા પાછી નહિં કરે.
પ્રથમથી વિચાર કરો.

*

જગતના જીવોની પ્રવૃત્તિ (૨૨૪)

તા. ૨૬-૧-૧૯

થોડા અને થોડા સમયના બાહ્ય સુખ માટે મોટું અને લાંબ
સમયનું દુઃખ પ્રાપ્ત થાય એવી પ્રવૃત્તિને સારી – સાચી ને સમજણ-
પૂર્વકની કેમ કહી શકાય? ન જ કહી શકાય છતાં જગતમાં મોટે ભાગે
જીવો એવી પ્રવૃત્તિ કરી રહ્યા છે.

માટે જ જગતમાં મોટા ભાગના જીવો અણસમજુ અને બેરસમજૂતી
વાળા છે. જીવને જ્યારે સાચી સમજણ પ્રાપ્ત થાય છે ત્યારે તે એવી
દુઃખજનક પ્રવૃત્તિથી પાછો ફરી જાય છે. એવા જીવોને પણ પ્રથમનું
ચક્ર ગતિમાં હોય ત્યાં સુધી એવી પ્રવૃત્તિ ચાલુ જોવામાં આવે છે, પણ
તેઓ બીજો ધક્કો ન આવે એ માટે પૂરા સાવધ રહે છે ને તેથી
ચાલુ પ્રવૃત્તિને વિરામ પામતાં વાર લાગતી નથી.

*

ખોટા પ્રચારને ચાલવા ન દેવો (૨૨૫)

તા. ૨૮-૧-૧૯૫૭

પોતાનામાં જે નથી તેનો પ્રચાર અન્ય તરફથી પોતાની જાણમાં
હોવા છતાં ચાલવા દેવો એ પણ એક દંભ છે એ દંભથી થોડો સમય
લાભ દેખાય છે, પણ પરિણામે નુકશાન થાય છે. આગળ વધવા ઇચ્છ-
નારે એવો દંભ ચાલવા દેવો નહિં. એથી ભલે તત્કાલ ન્યૂનતા જણાય
પણ પરિણામે મહાલાભ છે.

*

ન ગમતાં કાર્યો (૨૨૬)

તા. ૨૮-૧-૧૯૫૭

કેટલાક કાર્યો કરવા પડતાં હોય છે; છતાં એવા કાર્યો કરતી વખતે

ખિન્નતા ધારણ કરવી એ વ્યાજબી નથી. ન કરવા યોગ્ય કાર્ય
પડે એ જુદી વાત છે અને ખિન્નતાપૂર્વક કરવું એ જુદી વાત

*

(૨૨૭) તા. ૨૮-૧-

શક્તિને બહાર આવવા દો

તમારામાં કેટલી છૂપાએલી શક્તિ છે, તેનું તમને-પોત
નથી, પણ જ્યારે પ્રસંગ આવે છે ત્યારે એ છૂપાએલી શક્તિ
આવે છે એવા પ્રસંગે તમારે આનાકાની કરવી કે ઉત્સાહહી
એ બરાબર નથી.

તમારા મંદ વર્તનથી તમારી બહાર આવતી શક્તિ શરમ
કરમાઈ જશે ને એ રીતે તમારું ઉત્થાન દૂર ચાલ્યું જશે.

*

(૨૨૮) તા. ૨૮

તાળાં અને ચાવી

તાળાં ઘણાં છે અને બધા બંધ છે. તે દરેકની ચાવી
નથી. પોતાની પાસે પણ ઘણી ચાવીઓ છે. પણ
તાળાને લાગુ પડે છે તેનું જ્ઞાન નથી. આ ગૂંચવણ
સ્થિતિમાં એક તો અનુભવથી એટલે કે ચાવી લાગુ
તાળાને જે ચાવી લાગુ પડી જાય તે બરાબર ધ્યાન
બીજું એવા તાળાઓ જેમણે ઊઘાડ્યા છે એવા જ્ઞાન
આગળ વધવું.

જ્ઞાનીના વચનને અનુસરવાથી સહજમાં અનેકના
તાળાંઓ ખૂલી ગયા છે—ખૂલી જાય છે.

*

(૨૪૬) તા. ૨–૨–૧૯૫૭

મુશ્કેલ

બધું સહેલું છે, પણ મમત્વ દૂર કરવું મુશ્કેલ છે.

*

(૨૪૭) તા. ૫–૨–૧૯૫૭

અન્દરના વ્યાધિ દૂર કરવાની તમન્ના

વ્યાધિ થયો છે, તે પીડા કરે છે, તેને દૂર કરવાની ઇચ્છા છે. યોગ્ય વૈદ્ય પાસે જવું છે. વૈદ્યની અનુકૂળતા વિચારવાની છે. વૈદ્ય કહે તે પ્રમાણે દવા અને પથ્ય જળવવા છે. આ સર્વ બહારના વ્યાધિઓ દૂર કરવા માટે કરાય છે. એટલી તમન્ના જો અન્દરના વ્યાધિઓ દૂર કરવા માટે જાગે તો એ વ્યાધિઓને દૂર થવામાં ક્ષણ પણ વિલંબ ન થાય, પણ તમન્ના જાગવી જોઈએ.

*

(૨૪૮) તા ૫–૨–૧૯૫૭

જડતાનો ઘન

રોગ થવો એ જડતા છે, રોગ થયો હોય છતાં કાંઇ પણ રોગ થયો નથી એમ માનવું એ બીજી જડતા છે. આ બીજી જડતાથી પ્રથમ જડતામાં સતતવૃદ્ધિ થયા જ કરે છે. આ બન્ને જડતામાં જ્યારે ત્રીજી જડતા પ્રવેશે છે ત્યારે તો સામી વ્યક્તિ જડતામય બની ગઈ હોય એમ દેખાય છે. એ ત્રીજી જડતા આ પ્રમાણે છે, રોગવાળાને કોઈ સુજ્ઞ અને દયાળુ વૈદ્ય તેનો રોગ સમજાવે, તેને દૂર કરવાની દવા આપે ને આ દવાથી તેની પીડાઓ શાંત થશે–વગેરે સમજાવે છતાં પેલો જડ તૈયાર ન થાય. આ છે જડતાનો ઘન.

*

(૨૯૯)

[illegible]

(૩૦૦)

વિષય-શુદ્ધિ

[illegible]

(૩૦૧)

નિરાશ્રવ

[illegible]

(૨૫૨) તા. ૧૬-૨-૧૯૫૭

વિષમતાની વિષમતા

વિષમતાનો વિષય અને ખેદ, પણ એ દૂર કરવાનો માર્ગ વિષમ છે કે સમ એવો એ દૂર કરવાના લાયની વાત છે.

વિષમતાથી ખિન્નતા દોષ છે ત્યારે અકજાગેલો આત્મા બધી વસ્તુ સમ માર્ગને વિષમ માની રહે છે અને વિષમ માર્ગને સમ માની છે. અને એ રીતે વિષમતામાં વૃદ્ધિ થતી જાય છે.

(૨૫૩) તા. ૧૭-૨-૧૯૫૭

એક ક્ષણ બસ છે

ભૂલ કરવામાં જેટલો સમય ગયો છે તેટલો સમય ભૂલ સુધારવા માટે જોઈએ એમ માનવું એ ભૂલ તરફની નજર નથી જાગી એમ સૂચવે છે. બાકી ભૂલને સુધારવા માટે એક ક્ષણ બસ છે—પૂરતી છે.

(૨૫૪) તા. ૧૧-૩-૧૯૫૭

દોષદર્શન

દોષદર્શન કરવામાં અને કરાવવામાં ખૂબ કાળજી રાખવાની જરૂર છે. નહિં તો જોનારાં જે દોષ નથી તે દોષ પેસી જવાની પૂરી સંભાવના છે. કેટલાક દોષો એવા દોષ છે કે એનો પરિચય કોઈ પણ પ્રકારે કરવા જેવો નથી.

સામર્થ્ય આવ્યા પછી તેનો પરિચય ગમે તે રીતે કરાય તેનો વાંધો નહિં. બાકી એવા દોષોનો પરિચય અયથી રીતે—દૂર કરવાના આશયથી પણ કરવામાં આવે તો પણ એ પેસી જાય એવું છે. માટે બહુ સાવધ રહેવું જરૂરી છે.

(૨૫૫) તા. ૧૧-૨-૧૯

સામી વ્યક્તિ જોતાં શીખવું

હું કહું છું કે આજની કરું છું, એમ હું માનું છું. બીજા
માટે કાર્ય કરવાની જવાબદારી છે. પણ તેઓ પણ મારા સંબંધોમાં
હોય તો ખાસ જ કરે એમ મારે માનવું છે. અને તેથી મને મારા
કાર્ય આજની પાસે છે. મારા સંબંધો કેવા છે એ જોવાની દૃષ્ટિ
બીજાની પાસે નથી-તેઓ તો મારા કાર્યને જોવે છે. એથી તેમને મારા
કેવું છે એના ઉપર વિચાર કરવાનો રહે છે પણ જો તેઓ મારા
સંબંધો જોવાની દૃષ્ટિ રાખે તો જરૂર તેમના વિચારમાં ફેર પડી જાય.

એમ તો હું પણ જ્યારે બીજાના કાર્યો ઉપર ટીકા-ટિપ્પણ કરું
છું ત્યારે ક્યાં તેમના સંબંધોનો વિચાર કરું છું! ત્યારે મારી દૃષ્ટિ
પણ તેમના કાર્ય તરફ જ હોય છે.

મારે મારા કાર્યને બીજાની પાસે આજની બનાવવું હોય તો
બીજાના કાર્યને આજની-થઈ ચૂકેલું હોય તેટલું-માનતા શીખવું જોઈએ.

(૨૫૬) તા. ૧૧-૨-૧૯૫૦

દૃષ્ટિ

દૃષ્ટિ સ્પષ્ટ, નિર્મળ અને સૂક્ષ્મ રાખવી.

(૨૫૭) તા. ૧૧-૨-૧૯૫૭

જવાબદારી

જવાબદારી લેતી વખતે સાધારણ લાગતું હોય છે અને ઘણી વખત
શક્તિસમ્પન્ન માણસોનું એ ધારવું સાચું પડતું હોય છે. પણ કોઈક
વખત એમાં ફેર પડી જાય છે. તદ્દન સાધારણ-જેવી જણાતી જવાબ-
દારી વખત જતાં એટલી ગંભીર નીકળે છે કે-એ અદા કરવામાં ખૂબ

જ સામર્થ્યની જરૂર પડે છે. એવી સ્થિતિમાં બહુ વિવેકપૂર્વક વર્તન કરવાની જરૂર છે. જેના અંગે જવાબદારી સ્વીકારી હોય–તે વર્ગ અનુરૂપ ન બોલે, પ્રકૃતિની વિષમતાઓ વધવાના અનેક પ્રસંગો ઊભા થાય, ત્યારે સમત્વને ગુમાવ્યા સિવાય અનેકની સહાય યાચીને પણ જવાબદારી અદા કરવી, એ પણ ન બને તેમ હોય ત્યારે વિભાવ ઉત્પન્ન ન થાય એટલું લક્ષ્ય રાખીને યથાશક્ય કરી છૂટવું.

*

(૨૫૮) તા. ૧૬–૨–૧૯૫૭

ઉન્નત રહો

એવા કાર્યો કરો કે તમે ઉન્નત રહી શકો, તમે ઉન્નત હો કે પરાણે ઉન્નત રહેતા હો પણ જો તેને ટકાવી રાખનારા કાર્યો જો નહિં કરો તો તમે કાયમના ઉન્નત રહી શકશો નહિં. પરાણે ઉન્નત બનેલા પરિણામે અવનત બને છે, માટે તમે એવા બનો કે કોઈ પણ બળ તમને અવનત કરી શકે નહિં.

*

(૨૫૯) તા. ૧૬–૨–૧૯૫૭

એ ઉચ્ચતા નથી

પરથી પ્રાપ્ત થયેલી ઉચ્ચતા એ ખરેખર ઉચ્ચતા નથી.

*

(૨૬૦) તા. ૧૬–૨–૧૯૫૭

ખોવાયું છે તેની શોધ

તમારું કાંઈક ખોવાયું છે. તમે તમારું ખોવાએલું શોધો છો. પણ તમે જે તમારું ખોવાએલું માનો છો, તે ખરેખર તમારું નથી. બીજું, તમે જ્યાં–તમારા માનેલા ખોવાએલાની શોધ કરો છો તે–ત્યાં છે જ

(૬) [illegible] (તુલાર) [illegible] પ્રકરણ [illegible] પ્રકૃતિને [illegible] કે [illegible] કે [illegible] [illegible] [illegible] છે.

•

(૨૬૧) [illegible]

[illegible]

[illegible] [illegible] [illegible] [

ચોક્કસ પરિણામની આશાએ કરનારા તો સર્વ કરતાં
છે. એવા પરિણામને જણાવનારાઓને પોતાના કથનમાં
ફેર પડે તો તેથી દુઃખ થાય છે—એટલે પછી એ કથન તેઓએ
માટે કર્યું હોય તેઓ તેમનું મહત્ત્વ ત્યારે—ખૂબ જ ત્યારે પ
પામને જણાવનારા તો પોતાની ક્યાં ખામી થાય છે તેની શોધમ
ઉદ્યત અને સચિંત રહે છે. એમને એમ થતું હોય છે મારા
પાના—પાઈનો પણ ફેર ન પડવો જોઈએ.

કોઈને લાભ—અમુક પ્રમાણમાં બતાવ્યો હોય અને તેને તેથી
લાભ મળે એટલે લાભ મેળવનાર તો ખુશખુશ થઈ જાય અને
નારની પ્રશંસા કરવામાં કાંઈ બાકી ન રાખે. પણ સામાને તો
થાય કે આમ કેમ બન્યું ! મારી ધારણામાં ફેર ક્યાંથી પડ્યો ? સામ
લાભ વિશેષ મળ્યો તેથી શું પણ પોતાનું કથન સાચું કેમ ન પડ્યુ

આવી જાગૃતિવાળા વિરલા હોય છે. બાકી જગતમાં ઘણીવાર
ધારણા કર્યા કરવી અને જણાવ્યા કરવી, તેમાં કોઈ સાચી પડી જા
તો તેને આગળ કરીને પોતાનું મહત્ત્વ વધાર્યા કરવું એવી વૃત્તિવાળાનો
કોઈ તોટો નથી, એવા તો ડગલે ને પગલે મળી આવે છે.

*

(૨૯૯)

બીજી બાજુનું જ્ઞાન જરૂરી છે.

તા. ૫-૩-૧૯૫૭

દરેક વસ્તુને બે બાજુ હોય છે એમ કહેવાય છે અને એ સત્ય છે
પણ જે વખતે વસ્તુ ઉપયોગમાં આવતી હોય છે ત્યારે તેની એક બાજુ
કામની હોય છે ને બીજી બાજુ ઉપયોગમાં લેવાતી નથી હોતી. ઉપ-
યોગમાં ન લેવાતી હોય તેથી તે તુચ્છ છે એમ માનવું જેમ વ્યાજબી
નથી એ જ પ્રમાણે ઉપયોગમાં લેવાતી બાજુનું ઉપયોગમાં લેનાર કાંઈક
વધુ મહત્ત્વ આંકતો હોય તો તે મોટી ભૂલ કરી રહ્યો છે કે અણ-
સમજુ છે એમ માનવું એ પણ વ્યાજબી નથી. ફક્ત ઉપયોગ કરનારને

ીજી બાજુનો ખ્યાલ છે કે નહિં એ જાણવું જોઈએ અને જો ખ્યાલ હોય તો બીજી બાજુનો ખ્યાલ આપવો જરૂરી છે.

*

(૨૭૮) તા. ૭-૩-૧૯૫૭

જીવનની હોડ

જીવન એ જુગાર છે એમ કેટલાકનું જીવન જોતાં લાગે. તેઓ પોતાના જીવનને હોડમાં મૂકીને કામ કરતાં હોય છે. તેમાં પાસા નાખતાં ફાવી જાય તો જ લાભ થાય, નહિં તો જીવન હારી જવાય. જીવનમાં પાસાં સવળા પડે કે અવળા એ કાંઇ મહત્ત્વનું નથી. પણ જીવનનાં પાસા સવળા પડે છે કે અવળા એ મહત્ત્વનું છે. એ સવળા પાડતાં શીખવું જોઈએ. એમાં કાળજી ને કળા બન્ને જોઈએ.

*

(૨૭૯) તા. ૭-૩-૧૯૫૭

સબળાની વાત

તમારી વાત ખરી છે એમ અમે માનીએ છીએ, કારણ કે એ વાત તમારી છે. તમારી છે માટે અમારે તેને ખરી માનવી જ પડે—નહિં નહિં—માનવી જ જોઈએ. જો અમે ન માનીએ તો ક્યાં જઈએ ? અમે બીજે જઈ શકતા નથી, માટે તો અમે કહીએ છીએ કે તમારી વાત ખરી છે.

સબળાની વાતને નબળો ખરી ન માને તો જાય ક્યાં !

*

(૨૮૦) તા. ૭-૩-૧૯૫૭

એ વાત જવા દો

હાલ તે એ વાત જવા દો, એવું કે એવા ભાવનું ઘણી વખત બળાં

નથી. એ જ પ્રમાણે કાલ જેવા દ્રવ્યો કે પરિણામે કાળી નથી. ધર્મદ્રવ્યમાં દીધાની કથું જાણ કે. પણ એ અવસ્થી ન લોકાંકે. જેનાથી દ્રષ્ટે તે કાર્ય કરી નહિં.

એમ ધર્મની નાનીથી આસરણા અનુભવ પરિણામ દ્વારે એ જે જોનારાને અંકારમાં નાંખી દે.

*

(૨૮૬) તા. ૨૮-૩-૧૯૪૦

ધર્મ એ સાધ્ય વસ્તુ છે

પરમ ધર્મ પૂર્ણ આત્મા. ધર્મ અનાદિ દોષ છે અને કાળ તરફ લોકા અનાદિ દોષ છે. એમાં (સ્વામાં) અવિકાર સ્વભાવી સાધક એવું કોઈ પણ પરિણામ ન દોષ ને કાળે વિપરીત પરિણામ આવ્યું દોષ ને ધર્મનું જાણું દોષ ત્યારે ધર્મ અનાદિને અને નેના તરફ જોનારને વિવેક અને વિશેષ કાળો અવસ્થા દોષ છે.

ધર્મી જીવ દુઃખથી દોષ છે ત્યારે તે દુઃખના કારણરૂપે પૂર્વકૃત કર્મને દોષ છે એવું સ્વીકારમાં આવે તે. પણ ધર્મ અનાદિની સ્થિતિના લીધે ટકતી નથી. કારણ કે તેની દૃષ્ટિ દ્રવ્યોન્મુખ છે. કાળ તો વિવેક આવેલું છે.

આ સિદ્ધિનેમાં ધર્મ—આત્મામાં વસ્તુ મોક્ષ કાળ છે. ધર્મ એ સાધ્ય છે. એવું એ સમજવામાં આવે ને સામાને સમજાવી આવે તો મોક્ષ દોષ પછી આવે આત્માં કે આવેલાં દુઃખો. જે અવિકાર પૂર્વકૃત કર્મનું પરિણામ છે એ અવાર સ્થિર. પછી જાય મોક્ષને એ જોનારનાં મોટાં હાજો. પછી તો એવી દૃષ્ટિવાળો આત્મા અનાદિને આસ્રવ મૂક નથી આવે છે.

ધર્મ એ પરમવસ્તુ સાધન છે અને પુરુષાર્થરૂપે, સાધ્ય વસ્તુ છે.

(૨૮૭) તા. ૩-૪-૧૯૫૭

અંધાપો

અંધાપો આવે છે ત્યારે દેખાતું નથી. પ્રવૃત્તિ માટે દેખાવું જરૂરી છે. દેખાતું બંધ થાય છે એટલે પ્રવૃત્તિ અટકે છે, તેમાં ખામી આવે છે. પ્રવૃત્તિથી મળતાં લાભ પણ બંધ થાય છે. કેટલાક પ્રયોજનો એવા હોય છે કે જે વગર ચાલી શકતું જ નથી એટલે અંધાપો દૂર કરવામાં વિલંબ થાય એમ હોય તો દેખતાંનું અવલંબન તો લીધા વગર તેને છૂટકો જ નથી. એણે દેખતાને અનુસરવું જ જોઈએ.

બાહ્ય અંધાપા કરતાં પણ મોટા મોટા લાભથી વંચિત રાખનાર અને મોટા મોટા ગેરલાભો આપનાર અંતરનો અંધાપો છે. અંતરના અંધાપાવાળાની એક બીજી વિચિત્રતા એ હોય છે કે તેઓ દેખતાંને આંધળા માનતા હોય છે ને પોતાને દેખતા માનતા હોય છે: તેઓ જો યોગ્ય ઉપચાર કરાવે તો જરૂર સારા બને, સારા ન બને એવું કાંઈ નથી. પણ તેઓ ઉપચાર કરાવે એ જ મોટી વાત છે. તેઓ તો જેઓ દેખતા છે તેમણે ઉપચાર કરાવવો જોઇએ એમ માનતાં હોય છે. આવી વિષમ પરિસ્થિતિમાં-તેમના પર ભાવકરુણા લાવીને કોઈ બળાત્કારે તેમની દયા કરે તો જ લાભ થાય.

લાભ થયા પછી તો તેઓ પોતાના ભૂતકાળથી અનેકને લાભદાયક-વિશેષે લાભદાયક બની જાય છે. એવા અંધાપા જગતમાંથી દૂર થાય એવી ભાવના સતત સેવીએ.

*

(૨૮૮) તા. ૪-૪-૧૯૫૭

વિચારપૂર્વક પગલું ભરો

અકળાએલું મન કેટલીક વખત કાંઈનું કાંઈ કરી નાંખવા ઇચ્છે છે પણ કાંઈ પણ કરી નાંખતાં પહેલાં મનની અકળામણ દૂર થવા જેટલી રાહ જોવી જરૂરી છે-ખાસ જરૂરી છે.

નથી. એ જ પ્રમાણે કાચ જેવા દુષ્ટો કે પાપોને કાપી નાંખવા ધર્મરૂપી દીવાની કણી બસ છે. પણ એ અનાવટી ન જોઈએ. અનાવટી હશે તો કાર્ય કરશે નહિં.

સત્ય ધર્મની નાનીથી આચરણા અદ્ભુત પરિણામ દર્શાવે છે જે જોનારાને આશ્ચર્યમાં નાંખી દે.

*

(૨૮૬) તા. ૨૮-૩-૧૯૫

ધર્મ એ સાધ્ય પણ છે

ઘણી વખત ઘણાં માણસો ધર્મ કરતાં હોય છે અને ફળ તરફ જોયા કરતાં હોય છે. એમાં (ફળમાં) ખરેખર ઘણાની શ્રદ્ધા એવું કાંઈ પણ પરિણામ ન હોય ને સામે વિપરીત પરિણામ આવ્યું હોય ને વખત જતું હોય ત્યારે ધર્મ કરનારને અને તેના તરફ જોનારને વિચિત્ર અને વિક્ષેપ આવો જાગતા હોય છે.

ધર્મી જીવ દુઃખી હોય છે ત્યારે તે દુઃખના કારણરૂપે પૂર્વકૃત કર્મનો ઉદય છે એવું કહેવામાં આવે તો પણ ધર્મ કરનારની સ્થિરતા ડાંમાં ટકતી નથી. કારણ કે તેની દૃષ્ટિ દેવાભિમુખ છે. ફળ તો વિચિત્ર આવેલું છે.

આ સ્થિતિમાં ધર્મ—આરાધના પણ એક ફળ છે. ધર્મ એ સાધ્ય છે. એવું જો સમજાવવામાં આવે ને સામાને સમજાઈ જાય તો એકદમ ફેર પડી જાય. આવતાં કે આવેલાં દુઃખો જે ખરેખર પૂર્વકૃત કર્મનું પરિણામ છે એ ખ્યાલ સ્થિર થઈ જાય એટલે એ ભોગવતાં મીઠાં લાગે. પછી તો એવી દૃષ્ટિવાળો આત્મા અન્યને આશ્ચર્યભૂત બની જાય છે.

ધર્મ એ પરમપદનું સાધન છે અને પુરુષાર્થરૂપે સાધ્ય પણ છે.

(૨૮૭)

અંધાપો

અંધાપો આવે છે ત્યારે દેખાતું નથી. પ્રવૃત્તિ માટે દેખાવું જરૂરી છે. દેખાતું બંધ થાય છે એટલે પ્રવૃત્તિ અટકે છે, તેમાં ખામી આવે છે. પ્રવૃત્તિથી મળતાં લાભ પણ બંધ થાય છે. કેટલાક પ્રયોજનો એવા હોય છે કે જે વગર ચાલી શકતું જ નથી એટલે અંધાપો દૂર કરવામાં વિલંબ થાય એમ હોય તો દેખતાંનું અવલંબન તો લીધા વગર તેને છૂટકો જ નથી. એણે દેખતાને અનુસરવું જ જોઈએ.

બાહ્ય અંધાપા કરતાં પણ મોટા મોટા લાભથી વંચિત રાખનાર અને મોટા મોટા ગેરલાભો આપનાર અંતરનો અંધાપો છે. અંતરના અંધાપાવાળાની એક બીજી વિચિત્રતા એ હોય છે કે તેઓ દેખતાંને આંધળા માનતા હોય છે ને પોતાને દેખતા માનતા હોય છે: તેઓ જો યોગ્ય ઉપચાર કરાવે તો જરૂર સારા બને, સારા ન બને એવું કાંઈ નથી. પણ તેઓ ઉપચાર કરાવે એ જ મોટી વાત છે. તેઓ તો જેઓ દેખતા છે તેમણે ઉપચાર કરાવવો જોઇએ એમ માનતાં હોય છે. આવાં વિષમ પરિસ્થિતિમાં—તેમના પર ભાવકરુણા લાવીને કોઈ બળાત્કાર તેમની દયા કરે તો જ લાભ થાય.

લાભ થયા પછી તો તેઓ પોતાના ભૂતકાળથી અનેકને લાભદાયક વિશેષે લાભદાયક બની જાય છે. એવો અંધાપો જગતમાંથી દૂર થ એવી ભાવના સતત સેવીએ.

*

(૨૮૮) તા. ૪-૪-૧

વિચારપૂર્વક પગલું ભરો

અકળાએલું મન કેટલીક વખત કાંઈનું કાંઈ કરી નાંખવા ઇચ્ છે પણ કાંઈ પણ કરી નાંખતાં પહેલાં મનની અકળામણ દૂર થવા રાહ જોવી જરૂરી છે—ખાસ જરૂરી છે.

જનની અસ્તિત્વની સ્થિતિમાં સંકળાયા પછીના પરિણામ
સારા હોય તો પણ તે સંપૂર્ણ અવસ્થાના પ્રાપ્ત નથી, કારણ
ગર્ભની સ્થિતિમાં બેસાતા પછીના પરિણામો મોટે ભાગે
નથી. સાર પરિણામ તો અસ્થાન્ મોક્ષ વખત આવી જાય
સ્થાન્ મોક્ષ વખત અને છે તે બાકી પરિણામો વાસ્તવિક અ
ગણવાં પડે છે.

ચિત્ત અને દ્રવ્ય વિષે વિચાર કરીને જોઈએ પણ કરાય
પોતાની જોઈએની ન હોય તો પણ આત્માની તે આવશ્યક
સમજવું.